ICSE ACADEMY
www.spellbeeacademy.com


SpellIndia
INDIA's No. 1
SPELLING BEE
Preparatory Study Material Provider
www.phonicsestore.com


Pati's

# PREPARE

for

# ICSE

Class 10

# Gujarati

Questions ONLY

A Collection of Questions from Prelim exam papers of various ICSE schools

Pati's

# ICSE ACADEMY: How to Prepare for ICSE Class 10 exams

https://www.spellbeeacademy.com/icse.html

## How to Prepare for ICSE Class 10 exams : Free Resources

Please click on subject to proceed further.


We will keep adding resources here till "March 2026".


So, save this link, keep visiting and stay updated.


( Resources include : Syllabus, Past Year Papers, Specimen Papers, Competency based Questions, Books pdf downloadable, 350+ Term Papers / Prelim Papers of various schools - across subjects, etc. )


01 English Literature
02 English Language
03 Geography
04 History & Civics
05 Physics
06 Chemistry
07 Mathematics
08 Biology
09 Computer Applications
10 Physical Education
11 Hindi
12 Commercial Studies
13 Economics
14 Technical Drawing
15 Environmental Science
16 Home Science
17 Gujarati
18 Marathi
19 French

**SCAN QR code to buy the book at amazon NOW.**

















**Scan QR code** for Free Access to
500+ Prelim Papers across 20 subjects


















Pati's

# PREPARE

for

# ICSE

Class 10

# Gujarati

Questions ONLY

A Collection of Questions from Prelim exam papers of various ICSE schools

# Set 1 : Tests 1 to 6

Pati's
ICSE ACADEMY

## QUESTION PAPER 1

**SECOND PRELIMINARY EXAM** **૮ 2025**

**GUJARATI (SECOND LANGUAGE)**

**Std.10**
**Time: 3 hrs.**
**Marks: 80**
**.0.01.2025**

---

***Answers to this paper must be written on the paper provided separately.***

*You will **not** be allowed to write during the first **15 minutes**.*

*This time is to be spent in reading the question paper.*

***The time given at the head of this Paper is the time allowed for writing the answers.***

---

*This paper comprises of **two** Sections: **Section A** and **Section B**.*
*Attempt **all** the questions from **Section A**.*

*Attempt **four** questions from **Section B**, answering at least **one** question each from the two books studied and **any two** other questions from the same books that you have compulsorily chos*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

*This paper consists of 7 printed pages.*

### *SECTION-A (40 Marks)*

*Attempt all questions from this Section.*

**Question 1**

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics: [15

**નીચેના વિષયોમાંથી કોઈપણ એક વિષય પર ગુજરાતીમાં લગભગ ૨૫0 શબ્દોમાં નિબંધ લખો.**

(૧) ‘સુખી થવા અને આનંદ મેળવવા કોઈ સ્થળ પર ફરવા જવા કરતાં, નાની નાની પળને માણી, ના
ખુશીઓ મેળવી જીવનને વધારે સુખમય બનાવીએ...’ આ વાક્યને નિબંધના રૂપમાં વ્યક્ત કરો.


(૨) રાષ્ટ્રીય તહેવારોનું જીવનમાં મહત્ત્વ

(3) ‘પૃથ્વી પરની દરેક સંપત્તિ પર સૌનો સમાન અધિકાર છે’ આ વાક્યને ધ્યાનમાં રાખીને મનુષ્ય પો
સુખ સુવિધા માટે પશુ-પક્ષી, જંગલને કેવું નુકસાન પહોંચાડે છે તે વિશે તેમ જ પૃથ્વીને સાચવ
પગલાં લઈ શકાય તે વિશે નિબંધ લખો.

(૪) ‘ઇન્ડોર રમતો કરતાં મેદાની રમતો રમવાના ઘણાં ફાયદાઓ છે’ આ વાક્યની તરફેણ કે વિરુદ્ધમાં
વિચારો લખો.

(૫) સાથે આપેલું ચિત્ર જોઈ તમારાં મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા સ્વરૂ

Pati's
ICSE ACADEMY



**Question 2**

Write a letter in Gujarati of approximately 120 words on any one of the topics given below:- [7]

નીચેમાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૧૨૦ શબ્દોમાં ગુજરાતીમાં પત્ર લખો.

(૧) તમારી શાળામાં થોડા દિવસ પહેલાં રમતોત્સવ યોજાયો હતો. એમાં તમે પણ ભાગ લીધો હતો. એ કાર્યક્રમનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

(૨) ફેંગલ વાવાઝોડા પછી તમારા વિસ્તારમાં થયેલાં નુકસાનની વિગતો આપી; તે માટે યોગ્ય પગલાં લેવા મહાનગરપાલિકાના અધિકારીને પત્ર લખો.

**Question 3**

Read the passage given below and answer in Gujarati the questions that follow, using your own words as far as possible: -

નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.

રાજાને ત્રણ પુત્રો હતા. રાજાએ ત્રણે રાજકુમારને બોલાવી કહ્યું કે જે કોઈ રાજકુમાર સર્વશ્રેષ્ઠ ધર્માત્માને શોધીને લઈ આવશે તે રાજયનો અધિકારી બનશે. પિતાની આજ્ઞા થતાં ત્રણે રાજકુમારો ઘોડા પર સવાર થઈ ચારે દિશામાં ગયાં. સૌથી મોટા રાજકુમાર પોતાની સાથે એક શેઠને લાવ્યા અને રાજાને કહ્યું , 'આ શેઠે કરોડો રૂપિયાનું દાન કર્યું છે, મંદિરોનું નિર્માણ કર્યું છે, અનેક સ્થાનો પર પરબ ખોલી છે, તેઓ હંમેશાં ધાર્મિક કથાઓ સાંભળવા જાય છે'. બીજો રાજકુમાર સાધુને લઈ આવ્યો. તેણે રાજાને કહ્યું, 'આ સાધુ સાત દિવસમાં એક જ વાર દૂધ પીએ છે, શિયાળામાં ઠંડા પાણીમાં ઊભો રહે છે, માથે ભારી જટા રાખે છે, રોજ પૂજાપાઠ કરે છે, સૌથી મોટો ધર્માત્મા આ જ છે.'

Pati's
ICSE ACADEMY

સૌથી નાનો રાજકુમાર એક મેલાં કપડાંવાળો, ગામડાનો સામાન્ય માણસ લઈ આવ્યો. તેણે રાજાને કહ્યું, 'મને ખબર નથી કે આ મોટો ધર્માત્મા કહેવાય કે નહીં, રસ્તામાં તે એક અજાણ્યા કૂતરાના ઘાને ધોતો હતો તેથી હું લઈ આવ્યો' રાજાએ સામાન્ય માણસને પૂછ્યું , 'ધર્મ વિશે શું જાણે છે?'

સામાન્ય માણસે કહ્યું, 'હું અભણ છું, ધર્મ એટલે શું તે મને ખબર નથી. પણ કોઈ બીમાર હોય તો સેવા કરું છું ને કોઈ માગે તો મુઠ્ઠી ભરીને અન્ન આપું છું'.

રાજાએ જાહેર કર્યું કે આ મોટો ધર્માત્મા છે કારણ ધાર્મિક કાર્યો કરવા એ તો ધર્મ છે જ. પણ ઉત્તમ ધર્મ તે છે કે કશી ઇચ્છા વગર અસહાય પ્રાણીની સહાયતા કરવી. કોઈને સ્વાર્થ વિના અન્ન આપવું, રોગીની સારવાર કરવી, મુશ્કેલીમાં મુકાયેલા લોકોને મદદ કરવી માટે આજે હું જાહેર કરું છું કે ગાદીનો ઉત્તરાધિકારી સૌથી નાનો રાજકુમાર બનશે.

પ્રશ્નો:

૧. રાજાને કેટલા પુત્રો હતા ? તેમને બોલાવી રાજાએ શું કહ્યું ? [2]

૨. સૌથી મોટા રાજકુમારને શેઠ કેમ મોટા ધર્માત્મા લાગતા હતા ? [2]

૩. સાધુ કોની જોડે આવ્યો હતો? રાજકુમારે તેનો શો પરિચય આપ્યો ? [2]

૪. રાજાએ કોને અને કયા આધાર પર મોટો ધર્માત્મા માન્યો ? [2]

૫. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો, રાજાએ આપેલા ન્યાયથી તમે સંમત છો ? શા માટે? તમારા વિચારો જણાવો. [2]

**Question 4**

Answer the following questions according to the instructions given below: [8]

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો:-

**(૧) 'ઊઠ પહાણા પગ પર આવ' રૂઢિપ્રયોગ માટે યોગ્ય વાક્ય પસંદ કરો.**

(a) સૂતેલા કૂતરાનો પગ ખેંચવો એ ઊઠ પહાણા પગ પર આવ જેવું કામ છે.
(b) દોડતા કૂતરાને મદદ કરવી એ ઊઠ પહાણા પગ પર આવ જેવું કામ છે.
(c) કૂતરાને રોટલી આપવી એ ઊઠ પહાણા પગ પર આવ જેવું કામ છે.
(d) કૂતરાને વહાલ કરવું એ ઊઠ પહાણા પગ પર આવ જેવું કામ છે.

**(૨)'ફેર' શબ્દ માટે દ્વિઅર્થ પસંદ કરો.**

(a) ચક્ર ,ચાકર
(b) ફિરકી ,ચક્ર
(c) ફરવું, ચક્કર
(d) ચક્કર, ફરક

Pati's
ICSE ACADEMY

(3) પંચોતેર વર્ષે ઊજવાતો ઉત્સવ – શબ્દસમૂહ માટે એક શબ્દ પસંદ કરો.

(a) હીરકમહોત્સવ
(b) રજતમહોત્સવ
(c) અમૃતમહોત્સવ
(d) સુવર્ણમહોત્સવ

(૪) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દોનો વિરોધી પસંદ કરો.
ચંચળ મનના રાજે ભણવામાં ધ્યાન ન આપ્યું જેથી તેને પરીક્ષામાં ઓછા ગુણ પ્રાપ્ત થયાં, પણ _______ મનના રામે ધ્યાનપૂર્વક અભ્યાસ કરીને પ્રથમ ક્રમાંક મેળવ્યો.

(a) સ્થિર
(b) સ્વાસ્થ્ય
(c) સ્થાયી
(d) અસ્થિર

(૫) લીટી દોરેલા શબ્દનું જાતિ (લિંગ) બદલતાં બનતું વાક્ય પસંદ કરી લખો.
રાજાને મહેલમાં મદદ કરવા ઘણાં સેવકો દોડી આવ્યાં

(a) રાજાને મહેલમાં મદદ કરવા ઘણી સેવિકા દોડી આવી
(b) રાજાને મહેલમાં મદદ કરવા ઘણાં સેવીકો દોડી આવ્યાં
(c) રાજને મહેલમાં મદદ કરવા ઘણાં સેવિકા દોડી આવી
(d) રાજાને મહેલમાં મદદ કરવા ઘણાં સવિકા દોડી આવ્યાં.

(૬) સાચી જોડણી વાળું વાક્ય શોધી ફરીથી લખો.
(a) ગંભીર ભૂલ કર્યાની જલક એના મુખ ઉપર આવી ગઈ
(b) ગંભીર ભૂલ કર્યાની ઝલક એના મુક ઉપર આવી ગઈ
(c) ગંભીર ભૂલ કર્યાની ઝલક એના મુખ ઉપર આવી ગઈ
(d) ગંભીર ભુલ કર્યાની ઝલક એના મુખ ઉપર આવી ગઈ

(૭) નીચેના આપેલા વાક્યનો યોગ્ય કાળ પસંદ કરો.
શાળામાં બાળકોને ગુજરાતી વિષય ભણવાની ખૂબ મજા આવે છે.

(a) ભૂતકાળ
(b) વર્તમાનકાળ
(c) ભવિષ્યકાળ
(d) એકપણ નહિ

Pati's
ICSE ACADEMY

(૮) દ્રવ[illegible]ચક ના[illegible],ચ્છ પસંદ કરો.

(a) રાધા, ઘી, ખાંડ, વડ

(b) તેલ, લોખંડ, કેરોસીન, ચૂનો

(c) ચા, દૂધ, માખણ, દુઃખ

(d) ગળાશ, પવિત્રતા, ખારાશ, સુખ

## SECTION B (40Marks)

*(Attempt **any four** questions from this Section.)*

## સાહિત્ય ગુર્જરી ( કવિતાઓ )

## SAHITYA GURJARI (POEMS)

**Question 5**

Read the extract given below and answer in Gujarati the questions that follow: -

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'વનમાં વ્હાલાજી કને,હુંય વસું છું, નેન!'
પણ તુંને નવ મેળવે,હું નવ ભોગવું ચેન!'

- 'ઝઘડો લોચન-મનનો' – કવિ દયારામ

**- 'Zaghado Lochan Maanno'–Kavi Dayaram**

૧. કવિ દયારામનો પરિચય આપો. [2]

૨. મન લોચન વચ્ચે કઈ બાબતે ઝઘડો થયો?નિગમઅગમ એટલે શું? [2]

3. લોચન અને મન વચ્ચે થયેલી દલીલનું તમારા શબ્દોમાં વર્ણન કરો [3]

૪. લોચન મનના ઝઘડાનો ન્યાય કોણે અને શું આપ્યો? તમે આ ન્યાય સાથે સંમત છો?કાવ્યના આધારે સમજાવો. [3]

**Question 6**

Read the extract given below and answer in Gujarati the questions that follow: -

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'જાતે કરવું, જાતે રળવું, જાત વગર સૌ જૂઠું જી..............
ગઈ સંપત સાંપડે, ગયાં વળે છે વહાણ..........................
વા ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર...................

- 'સુભાષિતો'

**-'Subhashitos'**

૧. જાતે કર્યા વગર બધું કેવું છે? એનાથી કઈ કઈ બાબત અશક્ય છે ? [2]

૨. 'અવસર' અને 'સંપત'નો અર્થ જણાવો. [2]

3.'સુભાષિતો આપણને પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે.' આ વાક્યને જુદા જુદા ઉદાહરણ આપી સમજાવો. [3]

૪.'શૂરા બોલ્યા નવ ફરે, ભલે પશ્ચિમ ઊગે સૂર' આ પંક્તિ સમજાવો અને આ પંક્તિને અનુરૂપ પૌરાણિક પ્રસંગનું ઉદાહરણ આપો. [3]

**Question 7**

Read the extract given below and answer in Gujarati the questions that follow: -

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'વન વેરાન મારગ વિજન,
સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન...

-'બોલીએ ના કંઈ' – કવિ રાજેન્દ્ર શાહ

**- 'Bolia na Kai' - Kavi Rajendra Shah**

૧. આપણે કઈ જગ્યાએ જઈ બોલવું જોઈએ ? શા માટે? [2]

૨. કવિને કયા કાવ્યસંગ્રહ માટે કયો પુરસ્કાર મળ્યો હતો ? [2]

3. સાગર અને કૂપનું ઉદાહરણ આપી કવિ શું કહેવા માગે છે ? સવિસ્તાર સમજાવો. [3]

૪. 'આપણી વ્યથા અવરને મન રસની કથા અને જીરવી એને જાણીએ વીરા'આ પંક્તિ કાવ્યને ધ્યાનમાં રાખી સમજાવો. [3]

## સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

## SAHITYA GURJARI (SHORT STORIES)

**Question 8**

Read the extract given below and answer in Gujarati the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'આજે કાલિન્દીએ ધ્યાનસ્થ યોગી જેવા અનેક ઉચ્ચ પર્વતોના પગ ધોયા છે, આજે કાલિન્દીએ જગતનો કેટલોય મેલ પોતાના વેગમાં ખેંચી તેને દરિયામાં લુપ્ત કર્યો છે...'

-'જમાનાનું પૂર'- લેખક રામનારાયણ પાઠક

**'Jamnanu Pur' – Author Ramnarayan Pathak**

૧. 'મનોરથ' એટલે શું ? સ્ત્રીને કર્યો મનોરથ હતો ? [2]

૨. સ્ત્રીએ માછીમારને હોડી ક્યાં લઈ જવાનું કહ્યું ? માછીમારે શા માટે ના પાડી? [2]

3. સ્ત્રીનું મૃત્યુ શા માટે અને કઈ રીતે થયું? [3]

૪. કાલિન્દીએ કોના કોના તરફ સદભાવ બતાવ્યો ?કોના માટે સદભાવ ન બતાવ્યો ? [3]

**Question 9**

Read the extract given below and answer in Gujarati the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'સૂરજડોશી પાસે પૂળા ન હતા. આગળપાછળનું બીજું ઘાસે ન હતું. હવે શું કરવું? ભૂરીને શું ખવડાવવું? બીજું તો કંઈ હતું નહીં. એટલે બાવળ, ખીજડો કે એવાં ઝાડનાં ડાળાં કાપી લાવી, તેનો ફૂટો ભરીને ખવડાવવા લાગ્યા.

-'અંજળપાણી' – લેખક પીતાંબર પટેલ

**-'Anjalpani' – Author Pitamber Patel**

૧. 'મારી ભૂરીને દુઃખી કરતાં નહિ..' આ વાક્ય સાંભળી વેચનાર માણસ શું કહે છે ? [2]

૨. 'તો ખીલે બાંધીને ભૂખે મારી નાખવી છે?ઘરમાં શું છે તે ખવડાવીશ?' આ વાક્ય કોણ બોલે છે? ક્યારે ? [2]

3. સૂરજડોશીનો જીવ ક્યારે કપાઈ ગયો? તેણે ભૂરીને પંપાળીને તેના કાનમાં શું કહ્યું ? [3]

૪.દુકાળના સમયે સૂરજડોશીએ ભૂરીનું દીકરીની જેમ ધ્યાન રાખ્યું એમ કઈ રીતે કહી શકાય ? સવિસ્તાર સમજાવો. [3]

**Question 10**

Read the extract given below and answer in **Gujarati** the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'અહીં રહો તે જ ગમે." કુસુમાયુધે જવાબ આપ્યો. તેને સમજ પડી નહિ કે આ સ્ત્રી તેને બહુવચનથી શા માટે સંબોધે છે.'

-'ખરી મા' – લેખક રમણલાલ દેસાઈ

**- 'Kharee Maa'– – Author Ramanlal Desai**

૧. રમણલાલ વ.દેસાઈનો પરિચય આપો. [2]

૨. અપરમાએ બાળકને કઈ બીક બતાવી? શા માટે ? [2]

3. 'બાળક સારો થતો ચાલ્યો, આજ્ઞાધારી વિમાન બનતો ગયો...'આ વાક્ય કુસુમાયુ નાં આવેલા ફેરફારને ધ્યાનમાં રાખીને સમજાવો. [3]

૪. 'બાળકને અમૃતભર્યો ખોળો મળી ગયો'એમ ક્યારે, કઈ રીતે કહી શકાય? [3]

## QUESTION PAPER 2

| STD | | SECOND TERMINAL EXAMINATION | TIME | MAX MARKS |
|---|---|---|---|---|
| X | | GUJARATI | 3 hours | 80 |

Number of printed pages – 6

**Answers to this paper must be written on the paper provided separately.**
**You will not be allowed to write during the first 15 minutes.**
**This time is to be spent in reading the question paper.**
**The time given at the head of this paper is the time allowed for writing the answers.**

*This paper comprises two sections: Section A and Section B*
*Attempt all the questions from Section A*
*Attempt four questions from Section B*
*The intended marks for questions or parts of questions are given in brackets [].*

### SECTION – A (40 Marks)
### (All questions are compulsory)

[15]

પ્ર.૧ નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.

1. 'તમે મને ખોઈ નાખશો તો હું પાછો નહિ આવું' – સમયના મૂલ્ય પર પ્રકાશ પાડી નિબંધ લખો.
2. જીવનમાં રમતનું મહત્ત્વ
3. પ્રદૂષણની સમસ્યા અને ઉકેલ
4. તમારી દૃષ્ટિએ શિક્ષણમાં AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ફાયદાકારક કે નુકસાનકારક? તેના પર ચર્ચા કરી નિબંધ લખો.
5. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં આવતા વિચારોને વાચા આપતી વાર્તા કે નિબંધ લખો.



Pati's
ICSE ACADEMY

પ્ર.૨. નીચે આપેલા વિષયમાંથી <u>કોઈપણ એક</u> વિષય પર પત્ર લખો. [7]

1. સાઇબર ક્રાઇમના અપરાધની માહિતી આપી સાવચેતીનાં પગલાં સૂચવતો પત્ર તમારી નાની બહેનને લખો.
2. તમારા વિસ્તારમાં સરકારની પરવાનગી વગર વૃક્ષો કપાઈ રહ્યાં છે તે વિશે પર્યાવરણ વિભાગના અધિકારીને ફરિયાદ કરતો પત્ર લખો.

પ્ર.૩ નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેના આધારે પ્રશ્નોના જવાબ લખો. [10]

એક વાર ગુરુ મચ્છિન્દ્રનાથ અને તેમના શિષ્ય ગોરખનાથ એક સ્થળેથી બીજે સ્થળે જતા હતા. રસ્તામાં એક સુંદર તળાવ આવ્યું. ગુરુ કહે :"બેટા ગોરખ! આ ઝોળી(થેલી) તું બરાબર સંભાળીને ઝાડ તળે બેસ. હું હમણાં જ નાહીને આવું છું."

ગુરુ મચ્છિન્દ્રનાથ ઝોળી સોંપીને ગયા. પરંતુ ઝોળીમાં કશુંક ભારે ભારે જણાવાથી ગોરખનાથે ઝોળી ઉઘાડીને જોયું. તો એમાં સોનાની ઇંટ હતી! આ જોઈને ગોરખનાથને ભારે નવાઈ લાગી. તે મનમાં ને મનમાં કહેવા લાગ્યા : "અરે ! ગુરુજી જેવા સિદ્ધ પુરુષ આવી કાંચનની(સોનું) માયામાં ફસાઈ પડ્યા? કાંચન ધન, એ તો માણસને માણસાઈ વિહોણો કરી મૂકે છે, માણસની જંજાળ વધારે છે, અને જેમ જેમ મળતું જાય તેમ તેમ વધારે ને વધારે મેળવવાનો લોભ વધતો જાય છે. ધનનું શું કે સુવર્ણનું શું, એ બધું અનર્થનું મૂળ છે. ધર્મશાસ્ત્ર એટલે જ સંન્યાસીઓને ઉપદેશ આપે છે કે : "પૈસાનો જો સ્પર્શ થઈ જાય તો સંન્યાસીએ ત્રણ દિવસ જેટલું તપ કરીને, પ્રાયશ્ચિત્ત કરીને પવિત્ર બની જવું." તો પછી ગુરુજી આવી માયાજાળમાં શી રીતે ફસાયા?"

આમ વિચાર કરીને ગોરખનાથે એ સોનાની ઇંટોને બીજી બાજુએ જઈને તળાવમાં ફગાવી દીધી.

થોડી વાર પછી ગુરુ મચ્છિન્દ્રનાથ આવ્યા. આગળ ચાલતાં ચાલતાં પહેલાં તેમણે પૂછ્યું : "બેટા, આપણે નિર્જન રસ્તે થઈને જવાનું છે. રસ્તામાં કશો ભય તો નથી ને?"

ગોરખનાથ દૃઢ અવાજે બોલ્યા : "ગુરુજી, ભયને તો મેં ક્યારનોય આપની ઝોળીમાંથી ફગાવી દીધો છે! આપ સુખેથી નિર્ભય બની આગળ ચાલો."

શિષ્યની કસોટી કરતા ગુરુ મચ્છિન્દ્રનાથે પોતાના વહાલા શિષ્ય ગોરખનાથની આવી કાંચન-મુક્તિની દશા જોઈને મનમાં આનંદ પામતા આગળ વધ્યા. અતિલોભ એ પાપનું મૂળ છે. લોભને થોભ નથી. એ વાત ગુરુએ શિષ્યને અનોખી રીતે શીખવી.

પ્રશ્નો:

૧. ગુરુ-શિષ્યની જોડીનું નામ જણાવી, ગુરુએ શિષ્યને કયું કામ સોંપ્યું? (2)

૨. શિષ્યને કયા કારણે નવાઈ લાગી? મનમાં કયો પ્રશ્ન થયો? (2)

૩. માણસનું જીવન અનર્થ કઈ રીતે થાય છે? ધર્મશાસ્ત્રો, સંન્યાસીઓને શું ઉપદેશ આપે છે? (2)

૪. ગુરુએ કયા રસ્તેથી પસાર થવાની વાત કરી? શિષ્યએ કયા ભયને ફેંકી દીધો? (2)

૫. ગદ્યખંડને શીર્ષક આપી, તમે શું બોધ લેશો? (2)

Pati's ICSE ACADEMY

પ્ર.૪. નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.

(૧) લીટી દોરેલા શબ્દ માટે યોગ્ય રૂઢિપ્રયોગ શોધો.

વેપારીઓ <u>ખોટા કે ખરાબ કામ કરી</u> પૈસા કમાય છે.

a. કાળાં-ધોળાં કરવાં

b. બાજી મારી

c. માખો મારી

d. અખાડા કરવા

(૨) 'ઈશ્વરમાં માનનાર' માટે વપરાતો શબ્દસમૂહ પસંદ કરો. (1)

a. નાસ્તિક

b. રૂઢિચુસ્ત

c. નિઃસ્વાર્થ

d. આસ્તિક

(૩) લીટી દોરેલા શબ્દનો યોગ્ય વિરોધી શબ્દ ખાલી જગ્યામાટે શોધો. (1)

સ્મિતા બહેનના મોટો દીકરો <u>સંતોષી</u> છે જ્યારે નાનો દીકરો ________ છે.

a. સલોભી

b. નિર્લોભી

c. અસંતોષી

d. નિરક્ષર

(૪) 'મંગળ' શબ્દનો દ્વિ-અર્થી પસંદ કરીને લખો. (1)

a. ગ્રહ, શુભ

b. ગ્રહ, ભાવાર્થ

c. ગ્રહ, સ્વભાવ

d. ગ્રહ,કાળ

(૫) લીટી દોરેલાં શબ્દના બદલેલા લિંગ (જાતિ) માટે સાચું વાક્ય શોધો. (1)

<u>લેખક</u> તંત્રીને મળવા તેમના ઘરે ગયા.

a. લેખી તંત્રીને મળવા તેમના ઘરે ગઈ.

b. લેખતા તંત્રીને મળવા તેમના ઘરે ગઈ.

c. લેખિકા તંત્રીને મળવા તેમના ઘરે ગઈ.

d. લેખીની તંત્રીને મળવા તેમના ઘરે ગઈ.

CNM SCHOOL

Pati's ICSE ACADEMY

(૬) વર્તમાનકાળ માટે સાચું વાક્ય શોધો.

a. મુંબઈ અલબેલી નગરી છે.

b. મુંબઈ અલબેલી નગરી હતી.

c. મુંબઈ અલબેલી નગરી બનશે.

d. મુંબઈ અલબેલી નગરી તરીકે ઓળખાય.

(૭) ભાવવાચક નામનો ગુચ્છ પસંદ કરો.

a. લાલાશ, હાસ્ય, સ્નેહ, નિઃશ્વાસ

b. પૈડું, દીવડો, લોખંડ, પુરુષ

c. પશુ, પંખી, પુષ્પ, હાથ

d. પર્વત, ચોમાસું, પીઠી, અંગાર

(1)

(૮) સાચી જોડણીનું વાક્ય શોધો.

a. લાડુ ખાવાનૂં જળ મુક્યું છે.

b. લાડુ ખાવાનું જલ મૂક્યું છે.

c. લાડુ ખાવાનું જળ મૂક્યું છે.

d. લાડૂ ખાવાનું જળ મૂક્યું છે.

**Section – B [40 marks ]**

**(Attempt any four)**

**સાહિત્યગુર્જરી (કવિતાઓ)**

પ્ર.૫ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

"હેમન્તમાં કોમલ સૂર્ય તાપ, વૃક્ષો મહીં વાયુ કરે વિલાપ"

છ ઋતુઓ- ઉમાશંકર જોશી

૧. ઋતુઓના ક્રમવાર નામ લખી, કવિનો યુગ જણાવો. (2)

૨. મેઘધનુષ કઈ ઋતુમાં જોવા મળે છે? તે વખતે ધરતી કઈ રીતે ધન્ય થાય છે? (2)

૩. વસંત-પાનખર ઋતુઓના વિરોધાભાસનું વર્ણન કાવ્યને આધારે કરો. (3)

૪. ઉનાળાને કોની સાથે સરખાવ્યો છે? શા માટે? આ ઋતુમાં શેનો આનંદ આવે? (3)

Pati's
ICSE ACADEMY

પ્ર.૬ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે ધન ધન જનની તેની રે.

વૈષ્ણવ જન- નરસિંહ મહેતા

૧.કવિ નરસિંહ મહેતાનું કાવ્ય ક્ષેત્રે પ્રદાન લખો. (2)

૨ નિશ્ચલનો અર્થ જણાવી, સાચો વૈષ્ણવ કઈ કઈ બાબતમાં નિશ્ચલ રહે છે ? (2)

૩.'સાચો વૈષ્ણવ તીર્થ 'સ્વરૂપ છે' જીવનમાં તેમણે અપનાવેલા ગુણોને આધારે સમજાવો. (3)

૪.આદર્શ મનુષ્ય બનવા કયા દુર્ગુણોને દૂર રાખશો ? કોઈ એક વ્યક્તિના જીવનના પ્રસંગ દ્વારા સમજાવો . (3)

પ્ર.૭ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

"વર્ગભીંત જેવો વર્ગ આખો,
ચાલ્યા ગયા સોટીદાર વર્ગ બહાર"

નિશાળ.. એ સવાર.. – સુંદરજી બેટાઈ

૧. કાવ્યમાં 'લીલાધર' શબ્દ કયા બે અર્થમાં લેવામાં આવ્યો છે?કાવ્યનો બોધ લખો. (2)

૨. શાળાના વિદ્યાર્થીઓ કઈ કઈ લીલા કરતા, તેમનાં નામો સાથે તેમની વિશિષ્ટતા જણાવો. (2)

૩. વર્ગના વિદ્યાર્થીઓ થર્ થર્ શા માટે ધ્રૂજવા લાગ્યા? શિક્ષકના કયાં વર્તનથી વર્ગ ભીંત જેવો થઈ ગયો? (3)

૪. સોટીદાર બાહ્ય દેખાવનું વર્ણન કરી તેમની ભણાવવાની પદ્ધતિ વિશે લખો. (3)

## <u>સાહિત્યગુર્જરી (વાર્તાઓ)</u>

પ્ર.૮ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

"આપા! બાપ! દાદભાની દેઈ પડે એનું સનાન તો આપણનેય આવ્યું કે'વાય. આપણે નાવું જોવે."

સાદ વરત્યો- ઝવેરચંદ મેઘાણી

૧. દાદભા કોણ હતા? તેમનું મૃત્યુ કેવી રીતે થયું? (2)

૨. ગાંધીજીએ લેખકને કયું બિરૂદ આપ્યું, આ વાર્તા શેમાંથી લેવામાં આવી છે? (2)

૩. ગુડો વાળવો એટલે શું? જોગીદાસ કઈ રીતે ગુડો વાળવા ગયા? જોગીદાસનો અવાજ ઓળખાય જવા પાછળ વજેસંગે શું કારણ આપ્યું? (3)

૪. રાજા વજેસંગ અને જોગીદાસ ખુમાણમાંથી તમે કોને વધારે બહાદુર ગણશો? શા માટે? (3)

Pati's
ICSE ACADEMY

પ્ર.૯ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

"એટલામાં બહારથી છાપાવાળાએ 'છાપું' બોલી બહાર રસ્તા ઉપર પડતા બારણાની તડમાંથી છાપું ફેંક્યું."

પરિવર્તન – ગૌરીશંકર જોષી

૧. કિશોરીલાલે કઈ પરિસ્થિતિમાં ઘર છોડ્યું? (2)

૨. કિશોરીલાલે કઈ જાહેરખબર વાંચી? તે વાંચી તેણે શું નક્કી કર્યું? (2)

૩. કિશોરીલાલનો સ્વભાવ કેવો હતો? બે ઉદાહરણ આપી સમજાવો. (3)

૪. પરિવર્તન કોનું કોનું આવે છે? તેમનામાં શું પરિવર્તન આવે છે? (3)

પ્ર.૧૦ નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]

'કાલ મિષ્ટાન છે' એ આનંદમાં તો આજનો-શનિવારનો આ અડધો દિવસેય ભૂખ લાગવી તો દૂર રહી પણ જાણે આજે જ લાડુનું જમણ ન જમ્યા હોય એ રીતે પસાર થઈ ગયો.

- લાડુનું જમણ-પન્નાલાલ પટેલ

૧. માસ્તરે કઈ જાહેરાત કયા વાંચી? માસ્તરે તેમાં શું વાચ્યું? (2)

૨.માસ્તરનું નામ જણાવી,માસ્તરે ગોરપદુ શા માટે સ્વીકાર્યું હતું? (2)

૩.માસ્તરની ફરિયાદ કોણે કરી? ફરિયાદ જણાવી તેમને કઈ રીતે બીજી નોકરી મળી? (3)

૪.જળ મૂકવું એટલે શું?માસ્તરે લાડુ ન ખાવાનું જળ કેમ મૂક્યું? (3)

*******************************************************************************

CMM SCHOOL

# QUESTION PAPER 3

| CLASS | SUBJECT | EX | DATE | MARKS | TIME | SIDES | TR. |
|---|---|---|---|---|---|---|---|
| X | GUJARATI (II LANG) | T | .11 .24 | 80 | 3 HOURS | 6 | ND |

Answers to this Paper must be written on the paper provided separately.
You will not be allowed to write during the first 15 minutes.
This time is to be spent in reading the question paper.
The time given at the head of this Paper is the time allowed for writing the answers.

Section A is compulsory -All questions in Section A must be answered.
Attempt any four questions from Section B.
You have studied and any two other questions from the same books you have studied.
The intended marks for questions or parts of questions are given in brackets [ ].

---

## SECTION—A (40 Marks)

*Attempt **all** questions.*

**Question 1**

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics :—

નીચેના વિષયોમાંથી કોઇપણ **એક** વિષય પર ગુજરાતીમાં લગભગ **૨૫૦** શબ્દોમાં નિબંધ લખો. (૧૫)

૧) ઓનલાઇન થઇ રહેલું વિશ્વ

૨) 'ભૂતકાળની સોંઘવારીની સરખામણીમાં આજે અનેક ગણી મોંઘવારી અને મુશ્કેલીઓ વધી ગઇ છે. પરંતુ પહેલાં કરતાં આજનો માનવીનું જીવન વધુ આધુનિક તથા સુખી બન્યું છે - આ વિધાનની તરફેણમાં કે વિરુદ્ધમાં તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.

૩) 'રામ રાખે તેને કોણ ચાખે' કહેવતના આધારે વાર્તા ઘટના કે પ્રસંગનું વર્ણન કરો.

૪) મિત્ર એવો શોધવો ઢાલ સરીખો હોય ; સુખમાં સદા પાછળ રહે, દુ:ખમાં આગળ હોય. -આ સુભાષિત સમજાવતો નિબંધ તમારા શબ્દોમાં લખો.

(૫) આપેલું ચિત્ર જોઇ તમારા મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ,લેખ કે વાર્તા લખો



**Question-2** Write a letter in **Gujarati** in approximately **120** words on any **one** of the topics given below :—

નીચેનામાંથી કોઈપણ એક વિષય પર લગભગ ૧૨૦ શબ્દોમાં ગુજરાતીમાં પત્ર લખો. (૭)

૧)જ્યારે પેટ્રોલના ભાવ સતત વધતા જાય છે ત્યારે પ્રદૂષણ ઓછું કરવા અને સ્વાસ્થ્યની જાળવણી માટે સાયકલનો ઉપયોગ વિશેષ કરવા અંગેનું સૂચન કરતો પત્ર તમારા મિત્રને લખો.

Pati's ICSE ACADEMY

અથવા

૨) તમારા શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ ખૂબ વધી ગયો છે. મ્યુનિસિપાલિટીના પશુ સંરક્ષણ વિભાગના અધિકારીશ્રીને ફરિયાદ કરતો પત્ર લખો.

**Question 3**

Read the passage given below and answer in **Gujarati** the questions that follow, using your Own words :—

નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દમાં લખો. (૧૦)

એકવાર ગીધનું ટોળું ઉડતું ઉડતું એક ટાપુ પર પહોંચ્યું. આ ટાપુ સમુદ્રની મધ્યમાં આવેલો હતો. ત્યાં ઘણી બધી માછલીઓ, દેડકા અને દરિયાઈ જીવો હતા. આમ, ત્યાં ગીધ માટે ખાવા-પીવાની કોઈ અછત નહોતી. સૌથી સારી વાત એ હતી કે ત્યાં કોઈ જંગલી પ્રાણી નહોતા, જે ગીધનો શિકાર કરી શકે. ત્યાં ગીધ ખૂબ ખુશ હતા. આટલું આરામદાયક જીવન તેમણ પહેલાં ક્યારેય જોયું ન હતું.

એ ટોળામાં મોટા ભાગના ગીધ યુવાન હતા. તેઓ વિચારવા લાગ્યા કે હવે તેમને આખી જિંદગી આ ટાપુ પર જ રહેવાનું છે. અહીંથી ક્યાંય જવાનું નહીં, કારણ કે અમને આટલું આરામદાયક જીવન બીજે ક્યાંય નહીં મળે. પરંતુ તેમની વચ્ચે એક વૃદ્ધ ગીધ પણ હતું. જ્યારે પણ તેણે યુવાન ગીધોને જોયા ત્યારે તે ચિંતિત થઈ ગયો. તેણે વિચાર્યું કે અહીંના આરામદાયક જીવનની આ યુવાન ગીધો પર શું અસર થશે? શું તેઓ વાસ્તવિક જીવનનો અર્થ સમજી શકશે? અહીં તેમના માટે કોઈપણ પ્રકાર ની મુશ્કેલી નથી. આવી સ્થિતિમાં, જ્યારે પર કોઈ મુશ્કેલી આવશે, ત્યારે તેઓ તેનો સામનો કેવી રીતે કરશે?

ઘણું વિચાર્યા પછી એક દિવસ વૃદ્ધ ગીધે બધા ગીધની મીટીંગ બોલાવી. પોતાની ચિંતા વ્યક્ત કરતાં તેણે દરેકને કહ્યું, "જે ટાપુ પર આપણે રહીએ છીએ ત્યાં લાંબો સમય થઈ ગયો છે. મારા મતે હવે આપણે એ જ જંગલમાં પાછા જવું જોઈએ જ્યાંથી આપણે આવ્યા છીએ. અહીં આપણે કોઈ પણ પ્રકારની મુશ્કેલી વિનાનું જીવન જીવીએ છીએ. આવી સ્થિતિમાં, આપણ ક્યારેય મુશ્કેલી માટે તૈયાર થઈ શકીશુ નહીં. તેની વાત સાંભળીને પણ યુવાન ગીધ તેની અવગણના કરતા હતા. તેમને લાગ્યું કે વૃદ્ધ ગીધ વધતી જતી ઉંમરને કારણે પાગલ બની ગયું છે. એટલા માટે તે આવી નકામી વાતો કરી રહ્યો છે. યુવાન ગીધોએ ટાપુનું આરામદાયક જીવન છોડવાની ના પાડી.

વૃદ્ધ ગીધે તેમને સમજાવવાની ઘણી કોશિશ કરી, "તમે બધા ધ્યાન આપતા નથી કે તમને આરામની આદત પડી ગઈ હોવાથી તમે ઉડવાનું પણ ભૂલી ગયા છો. આવી સ્થિતિમાં તમે શું કરશો? જો તમારા પર કોઈ મુશ્કેલી આવશે? વાત સાંભળો, મારી સાથે આવો." પરંતુ વૃદ્ધ ગીધની વાત કોઈએ સાંભળી નહીં. વૃદ્ધ ગીધ ત્યાંથી એકલું જ ચાલ્યું ગયું. થોડા મહિના વીતી ગયા. એક દિવસ વૃદ્ધ ગીધે ટાપુ પર ગયેલા ગીધ વિશે પૂછપરછ કરવાનું નક્કી કર્યું અને ઉડતો ઉડતો તે ટાપુ પર પહોંચ્યો.

ટાપુ પર પહોંચ્યા પછી તેણે જોયું કે ત્યાંનો નજારો બદલાઈ ગયો હતો. જ્યાં જુઓ ત્યાં ગીધના મૃતદેહો પડ્યા હતા. ઘણાં ગીધ લોહીલુહાણ અને ઘાયલ થયેલાં પડ્યાં હતાં. આશ્ચર્યચકિત થયેલા વૃદ્ધ ગીધે ઘાયલ ગીધને પૂછ્યું, "શું થયું? તમારા લોકોની આ સ્થિતિ કેવી રીતે થઈ?"

ઘાયલ ગીધે કહ્યું, "તમે ગયા પછી અમે આ ટાપુ પર ખૂબ જ સુખી જીવન જીવતા હતા. પરંતુ એક દિવસ અહીં એક જહાજ આવ્યું. તે જહાજમાંથી દીપડાઓને અહીં છોડવામાં આવ્યા હતા. શરૂઆતમાં તે દીપડાઓએ અમને કંઈ કર્યું ન હતું. પરંતુ થોડા દિવસો પછી તેમને ખબર પડી કે અમે ઉડવાનું ભૂલી ગયા છીએ. અમારા પંજા અને નખ એટલા નબળા થઈ ગયા છે કે અમે ન તો કોઈના પર હુમલો કરી શકીએ અને ન તો પોતાનો બચાવ કરી શકીએ, તેથી તેઓએ અમને એક પછી એક મારવા માંડ્યા. તેમના કારણે જ અમારી આ હાલત

છે. કદાચ તમારી આજ્ઞા તોડવા માટે અમને પુરસ્કાર મળ્યો છે." તમારી આજ્ઞા ન માનવાનું ફળ અમને મળ્યું છે."

ઘણીવાર કમ્ફર્ટ ઝોનમાં ગયા પછી તેમાંથી બહાર આવવું મુશ્કેલ હોય છે. આવી સ્થિતિમાં, જ્યારે પડકારો ઉભા થાય છે ત્યારે તેનો સામનો કરવો સરળ નથી. તેથી કમ્ફર્ટ ઝોનમાં જઈને ક્યારેય ખુશ ન બનો. હંમેશા તમારી જાતને પડકાર આપો અને મુશ્કેલી માટે તૈયાર રહો. પછી તમે પડકારનો સામનો કરતા રહેશો અને આગળ વધતા રહેશો.

પ્રશ્નો :

૧) વૃદ્ધ ગીધે શા માટે મીટીંગ બોલાવી?

૨) ગીધ પર કોણે હુમલો કર્યો? તેઓને શું ખબર પડી ગઈ હતી?

૩) ગીધો માટે આરામદાયક જીવન ક્યાં હતું? કેમ?

૪) આ વાર્તામાંથી તમને શો બોધ મળે છે?

૫) વૃદ્ધ ગીધ જ્યારે જંગલમાંથી પરત ફરી ટાપુ પર ગયો ત્યારે તેણે શું જોયું? એવી સ્થિતિ કોણે કરી હતી?

**Question 4**

Answer the following question according to the instruction given below -
નીચેના પ્રશ્નોનાં ઉત્તર સૂચના પ્રમાણે લખો.:- (૮)

૧) આપેલા રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ લખો. -કાનની બૂટ પકડવી

ક) બધી વાત સાંભળવી

ખ) ઠપકો આપવો

ગ) બૂટ પહેરવી

ઘ) ભૂલ સ્વીકારવી

૨) શબ્દ એક અર્થ અનેકની સાચી જોડી શોધો.

ક) દંડ -શિક્ષા, ભાવ

ખ) માન- મોહ, આદર

ગ) આંક -સંખ્યા ભાવ

ઘ) કર - પંડિત,લાગો

૩) યોગ્ય શબ્દ સમૂહ પસંદ કરો. - ' યંત્ર વગર હાથથી ચાલતો ઉદ્યોગ '

(ક) કળા ઉદ્યોગ

(ખ) હસ્ત ઉદ્યોગ

(ગ) ગ્રામ ઉદ્યોગ

(ઘ) હસ્તપ્રત

૪) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલ શબ્દનો વિરોધી શબ્દ લખો.

વક્તા પોતાનું વ્યક્તવ્ય ખૂબ જ સુંદર રીતે વ્યક્ત કરતા હતા. અને ______________ તેને ધ્યાનથી સાંભળતા હતા.

ક) શ્રોતા

ખ) ચુકતા

ગ) મુકતા

ઘ) સરોતા

૫) સાચી જોડણી શોધો.

ક) સિક્ષિકા ખ) શીક્ષીકા ગ) શિક્ષિકા ઘ) ક્ષીશીકા

૬) નીચે લીટી દોરેલા શબ્દની જાતિ બદલતા બનતું વાક્ય શોધો.

રવિવારે શ્રીમાન ઘરે હોવાથી __________ એ સુંદર શિરામણ બનાવ્યું.

ક) રવિવારે શ્રીમાન ઘરે હોવાથી સુંદરીએ સુંદર શિરામણ બનાવ્યું.
ખ) રવિવારે શ્રીમાન ઘરે હોવાથી શ્રીમતીએ સુંદર શિરામણ બનાવ્યું.
ગ) રવિવારે શ્રીમાન ઘરે હોવાથી સન્નારીએ સુંદર શિરામણ બનાવ્યું.
ઘ) રવિવારે શ્રીમાન ઘરે હોવાથી શ્રીજીએ સુંદર શિરામણ બનાવ્યું.

૭) નીચેના વાક્યનું ભવિષ્યકાળ દર્શાવતું વાક્ય શોધો .
વાક્ય: મોહને પોતાના ધંધામાં આગળ વધવા માટે ખૂબ મહેનત કરી હતી .

ક) મોહને પોતાના ધંધામાં આગળ વધવા માટે ખૂબ મહેનત કરી હતી .
ખ) મોહન પોતાના ધંધામાં આગળ વધવા માટે ખૂબ મહેનત કરશે .
ગ) મોહન પોતાના ધંધામાં આગળ વધવા માટે ખૂબ મહેનત કરે છે .
ઘ) મોહન પોતાના ધંધામાં આગળ વધવા માટે ખૂબ મહેનત કરી રહ્યો છે .

૮) સમૂહવાચક સંજ્ઞાનો ગુચ્છો શોધો.
ક) સતીશ, મનીષ ,હરેશ,નરેશ
ખ) ટોળી, ઘટા , કાફલો ,સંઘ
ગ) કાફલો ,ઢગલો ,વિશ્વાસ , નદી
ઘ) હાસ્ય ,રુદન ,ગુસ્સો ,પ્રેમ

**SECTION—B (40 Marks)**
**(Attempt Four questions from this Section .)**
**(સાહિત્ય ગુર્જરી –કવિતાઓ )**

**(SAHITYA GURJARI-POEMS)**

**Question 5**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોનાં ગુજરાતીમાં ઉત્તર લખો. (૧૦)

એવું યુવાન સુણતાં ચમકી ગયો ને
માતા તણે પગ પડી ઊઠીને કહે છે :
‘ એ હું જ છું નૃપ, મને કર માફ, બાઈ,
એ હું જ છું નૃપ, મને કર માફ, ઇશ!

ગ્રામમાતા -કલાપી

૧) ખેતર પાસે આવનાર મુસાફર કોણ હતો? ? વૃદ્ધાએ અતિથિ દેવોભવની ભાવના કઈ રીતે નિભાવી?
૨) કવિના કાવ્યસંગ્રહનું નામ જણાવીને આ કાવ્યનો પ્રકાર જણાવો.
૩) ઉપર્યુક્ત પંક્તિ તમારાં શબ્દોમાં સમજાવો.
૪) કાવ્યના આધારે હેમંતઋતુનું વર્ણન કરો.

## Question 6

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોનાં ગુજરાતીમાં ઉત્તર લખો. (૧૦)

ચોથા પ્રણામ મારા ભેરુઓને કહેજો રે
જેની સાથે જગમાં ખેલયા ખેલજી :
ખાલીમાં રંગ પૂર્યા,જંગ માં સાથ પૂર્યા :
હસાવીને ધોવરાવ્યા અમારા મેલજી.

પરણામ મારા - રામનારાયણ પાઠક

૧) કવિએ વિવિધ ઉપનામે કયા સાહિત્ય સ્વરૂપોનું સર્જન કરેલ છે?
૨) ' ખાલીમાં રંગ પૂરવા ' એટલે શું? તે કોણ પૂરે છે?
૩) આતમના અંધારા કોણ ઉલેચાવે છે? એને પરણામની જરૂર શા માટે છે?
૪) પરણામ એટલે શું ? તમારા મતે પરણામ ક્યારે ક્યારે અને કોને કરવા જોઈએ ?

## Question 7

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોનાં ગુજરાતીમાં ઉત્તર લખો. (૧૦)

ચેન નથી, મના! કયમ તને,ભેટયે શ્યામ શરીર?
દુ:ખ મારું જાણે જગત, રાત દિવસ વહે નીર!

ઝઘડો લોચન- મનનો - દયારામ પ્રભુરામ ભટ્ટ

૧) 'લોચન' માટે કાવ્યમાં વપરાયેલા બે શબ્દ આપી લોચન અને મન વચ્ચે ઝઘડો કઈ બાબતે થયો?
૨) 'સુખથી સુખ અને દુ:ખથી દુ:ખ ' આ વાત કોણ કોને કરે છે? શા કારણે ?
૩) આ કાવ્યના કવિનો પરિચય આપો.
૪) લોચન અને મનના ઝઘડાનો ન્યાય કોણે કર્યો? કેવી રીતે?તમે આ ન્યાય સાથે સહમત છો ? તમારા જવાબની કારણ આપી ચર્ચા કરો.

## Question 8

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોનાં ગુજરાતીમાં ઉત્તર લખો. (૧૦)

પણ હાય રે કમનસીબી! હજુ તો લાડુ સુધી પૂરો હાથ પણ નથી પહોંચ્યો ત્યાં તો ક્લબના માલિક શંકર લાલ સામે આવીને ઊભા. દેવશંકરે પણ લાડુ તોડવો મૂકી દઈ જાણે જમીન સામે જોતા હોય તેમ માલિક સામે જોયું .

લાડુનું જમણ- પન્નાલાલ પટેલ

૧) દેવશંકરને માસ્તર ગીરી કેમ સ્વીકારવી પડી?
૨) લાડુ જમવા દેવશંકરે દોઢ રૂપિયાની સગવડ કઈ રીતે કરવાનો નિર્ણય કર્યો ?
૩) લાડુ જમવા ગયેલા દેવશંકર દાળભાત જમીને બહાર કયા કારણે આવી ગયા? સવિસ્તાર વર્ણવો.
૪) ' નનામી અરજી ' એટલે શું? કોણે નનામી અરજી કરી હતી? નનામી અરજીમાં શું લખ્યું હતું?

Pati's ICSE ACADEMY

**Question 9**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોનાં ગુજરાતીમાં ઉત્તર લખો. (૧૦)

અત્યંત ઉશ્કેરાટ અને છતાં એટલા જ રસપૂર્વક તેની પાસે બધી હકીકતો રજૂ થઈ. ઘણીવાર તો એટલા બધા અવાજો એકીસાથે મહેતાજીના કાન પણ અથડાતા હતા કે તેને વાત સમજવી મુશ્કેલ થઈ પડતી હતી, છતાં તે વાત બરાબર સમજી ગયો.

માજીનો પ્યાલો- ગુલાબદાસ બ્રોકર

૧) ખોવાયેલો પ્યાલો કઈ રીતે મળે છે?
૨) માજીના ઘરની રચનાનું વર્ણન કરો.
૩) વાર્તાને અંતે કોને ચૂપ કરાવી દેવામાં આવે છે? તેને ચૂપ કરાવવું ઉચિત હતું? આ વાર્તાને આધારે સમજાવો.
૪) લેખકનો પરિચય આપો.

**Question 10**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—
નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોનાં ગુજરાતીમાં ઉત્તર લખો. (૧૦)

પણ તું એકલો છે ભાઈ! તે અમને કહેવડાવ્યું હોત તો હું આટો મારી ન જાત? આ ચા તારા માટે હું લાવી છું, હું કાઢી આપુ. ને આજ હવે તને હું જ રાંધી દઈશ તું મફતનો ઉઠ બેસ ન કરતો શરીર કેટલું લેવાઈ ગયું છે!

પરિવર્તન -ગૌરીશંકર જોશી

૧) ધૂમકેતુની કોઈપણ બે વાર્તા સંગ્રહના નામ આપો.
૨) કિશોરીલાલનો સાત x પાંચની ઓરડીમાં રહેવા જવાનો વારો કેમ આવ્યો? સવારે આંસુ કેમ આવ્યા?
૩) છાપાની કઈ જાહેર ખબર વાંચીને કયા દંપતીની આંખમાં આંસુ ભરાઈ આવે છે? શા માટે?
૪) શું કિશોરીલાલે લીધેલો નિર્ણય યોગ્ય હતો? આ પ્રસંગ પરથી તમે શું બોધ લેશો?

QUESTION PAPER 4

**Preliminary Examination**

Std: X

Sub: Indian Language Gujarati

Time: 3 hrs.

Marks: 80

---

***Answers to this Paper must be written on the paper provided separately.***

*You will **not** be allowed to write during the first **15** minutes.*

*This time is to be spent in reading the question paper.*

***The time given at the head of this paper is the time allowed for writing the answers.***

---

*This paper comprises of **two** Sections : **Section A** and **Section B.***

*Attempt **all** the questions from Section **A.***

*Attempt **four** questions from Section **B**, answering at least **one** question each from the **two** books you have studied and **any two** other questions from the same books you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

## SECTION - A (40 Marks)

*Attempt **all** questions from this Section.*

**Question 1**

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following Topics:- [15]

નીચેના વિષયોમાંથી કોઇ પણ **એક** વિષય પર **ગુજરાતીમાં** લગભગ **૨૫૦** શબ્દોમાં નિબંધ લખો :-

(૧) માણસ પોતાના અનુભવમાંથી ઘણું શીખે છે. તમારા બાળપણના દિવસોની કોઈપણ સુખદ ઘટનાનું વર્ણન કરો, જેણે તમને જીવનમાં એક નવો પાઠ શીખવ્યો હોય. આ પાઠ ભવિષ્યમાં કેવી રીતે ઉપયોગી થઇ શકે તેની વિગતો આપો.

(૨) 'અસફળતા એ જ સફળતાનો આધાર છે' આ વિધાનની તરફેણ કે વિરુદ્ધમાં તમારું મંતવ્ય વ્યક્ત કરો.

(૩) 'ભ્રષ્ટાચાર અને ભારત દેશ' આપણા દેશમાં અનેક પ્રકારના ભ્રષ્ટાચાર થાય છે તેના વિશે લખી તમને થયેલો ભ્રષ્ટાચારનો અનુભવ વર્ણવો અને એને નાબૂદ કરવા કયા પગલાં લેશો તે લખો.

(૪) '...... એ દિવસથી મેં બીજાને મદદ કરવાનું નક્કી કર્યું.' આ વાક્યથી અંત થતી વાર્તા કે પ્રસંગ લખો.

(૫) સાથે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લખો.



**Question 2**

Write a letter in **Gujarati** in approximately **120** words on any **one** of the topics given below:- [7]

નીચેનામાંથી કોઈપણ **એક** વિષય પર આશરે **120** શબ્દોમાં **ગુજરાતીમાં** પત્ર લખો :-

(૧) તમારો ભાઈ છાત્રાલય (hostel)માં ભણવા ગયો છે. ત્યાં તે ખરાબ છોકરાઓની સંગતમાં આવી રસ્તો ભટકી ગયો છે. તેને કુસંગતિથી બચવાની ચેતવણી આપી તેના દુષ્પરિણામ સમજાવતો પત્ર લખો.

(૨) તમારા વિસ્તારમાં સવારે અને સાંજે ખૂબ ટ્રાફિક થાય છે. યાતાયાતની તકલીફ થાય છે. ઝઘડા, મારામારી પણ થાય છે. તેની ફરિયાદ કરતો અને ઉકેલ માટે સૂચનો આપતો પત્ર વિસ્તારના પોલીસ અધિકારીને લખો.

Pati's ICSE ACADEMY

**Question 3**

Read the passage given below and answer in **Gujarati** the questions that follow, using your own words:-

નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર **ગુજરાતીમાં** તમારા શબ્દોમાં લખો :-

એક શહેરમાં એક વણકર રહેતો હતો. તેનો સ્વભાવ ખૂબ જ સારો હતો. તે બધા સાથે મીઠી-મીઠી વાતો કરતો અને ક્યારેય કોઇની ઉપર ગુસ્સો ન કરતો. લોકો તેને સંત કહેતા.

એક દિવસ તે બજારમાં સાડી વેચતો હતો ત્યારે કેટલાક તોફાની છોકરાઓ તેની પાસે આવ્યા. તેમાંથી એક ખૂબ જ ધનવાનનો પુત્ર હતો. તેને પોતાના પૈસા પર ગર્વ હતો. છોકરાઓ વણકરને ગુસ્સો અપાવી તેના ન ગુસ્સે થવાના ગુણની કસોટી કરવા માંગતા હતા. વણકર પેલા છોકરાઓને જોતાની સાથે જ પ્રેમથી બોલ્યો, "આવ દીકરા, તને શું જોઇએ છે?" સામે રાખેલી એક સાડી તરફ ઈશારો કરતાં એક છોકરાએ કહ્યું, "મારે એ સાડી જોઇએ છે. તમે તેનું શું લેશો?"

વણકર બોલ્યો, "બે રૂપિયા."

તે છોકરાએ તે સાડી પોતાના હાથમાં લીધી અને તેના બે ટુકડા કરી દીધા. અને કહ્યું, "મારે આખી સાડી નથી જોઈતી, મારે અડધી જોઇએ છે." તમે આનું શું લેશો?"

વણકર ખૂબ જ શાંતિથી બોલ્યો, "એક રૂપિયો."

યુવકે તે અડધી સાડીના બે ટુકડા કરી દીધા અને પૂછ્યું, "આની કિંમત શું હશે?"

"આઠ આના" વણકર જરા પણ ગુસ્સે થયા વગર બોલ્યો.

છોકરો ફક્ત તેને ગુસ્સે કરવા માંગતો હતો. તે સાડીના ટુકડા કરતો રહ્યો, પણ વણકરે ન તો તેને રોક્યો, ન તો તેને ઠપકો આપ્યો, ન તો તેણે તેના કપાળ પર એક સળ પણ આવવા દીધી. જ્યારે સાડીના ઘણા ટુકડા થઇ ગયા, ત્યારે છોકરો હસ્યો અને બોલ્યો, "આ ટુકડાઓ મને શું કામના છે? હું આ ખરીદીશ નહીં."

વણકર શાંતિથી બોલ્યો, "તું સાચું કહે છે, આ ટુકડા તારા નથી, તે કોઇના કામના નથી." આ સાંભળીને છોકરાને થોડી શરમ આવી, "આ લે, હું તને આખી સાડીની કિંમત આપું છુ." વણકરે પૈસા ન લીધા. તેણે કહ્યું, "હું આ ટુકડાઓ એક સાથે જોડી તેનો ઉપયોગ કરી શકીશ. પરંતુ આ ટુકડા તમારા માટે ઉપયોગી નથી, તો હું તેના પૈસા કેવી રીતે લઇ શકું." છોકરો તેની સંપત્તિના નશામાં હતો. તેણે કહ્યું, "મારી પાસે ઘણા પૈસા છે, તું ગરીબ છે. મેં તારી વસ્તુ બગાડી નાખી. મારે તેના નુકસાનની ભરપાઇ કરવી જોઇએ.

વણકર નીચા અવાજે બોલ્યો, "શું તમે આ નુકસાન ભરપાઇ કરી શકશો? શું તમને લાગે છે કે આ નુકસાન તમારા પૈસાથી ભરાઇ જશે? જુઓ, ખેડૂતોની મહેનતને કારણે કપાસનું ઉત્પાદન થયું. મારી પત્નીએ તેમાંથી સુતર કાત્યું. મેં એ સુતરને રંગી તેની સાડી વણી. અમારી મહેનત ત્યારે કામમાં આવી હોત જયારે કોઇએ આ સાડી પહેરી હોત. પણ તે સાડીના ટુકડા કરી નાખ્યા. બધા લોકોની મહેનત વ્યર્થ, નકામી ગઇ. તારા આ રૂપિયા આ નુકસાનને કેવી રીતે ભરપાઇ કરી શકશે.

વણકરના અવાજમાં આવેશનો અંશ પણ નહોતો. જેમ પિતા તેના પુત્રને સમજાવે તેમ તે તેને સમજાવતો હતો. છોકરાને શરમ આવી. તેની આંખો આંસુથી ભરાઇ ગઇ. તે વણકરના પગે

પડ્યો. વણકરે તેને ઉપાડીને છાતીએ લગાડીને કહ્યું, "દીકરા, જો હું લોભ કરીને બે રૂપિયા લઇ લેત તો તારી જિંદગીની હાલત પણ આ સાડીની હાલત જેવી થતે. તે કોઈના કામની ન હોત. હવે તું સમજી ગયો કે જો એક સાડી બગડે તો તમે તેને સુધારી શકો પણ જિંદગી બગડી જાય તો તેને કેવી રીતે સુધારશો? છોકરો અને તેના સાથીઓને શરમ આવી. અને માથું નીચું કરી પોતપોતાના ઘરે જતા રહ્યા. આ વણકર દક્ષિણના મહાન સંત તિરુવલ્લુવર હતા. જેમનું લખેલું 'કુરાલ' આજે બે હજાર વર્ષ પછી પણ ખૂબ જ ભક્તિભાવથી વાંચવામાં આવે છે.

પ્રશ્નો :-

(૧) વણકર કોણ હતો? તેનો સ્વભાવ કેવો હતો? [2]

(૨) છોકરાઓ વણકરના કયા ગુણની કસોટી કરવા માંગતા હતા? તેઓ સાડીના ટુકડા શા માટે કરી રહ્યા હતા? [2]

(૩) છોકરાએ સાડીના ટુકડા કર્યા ત્યારે વણકરની શું પ્રતિક્રિયા હતી? વણકરે સાડીની કિંમત કેમ ન સ્વીકારી? [2]

(૪) છોકરાએ નુકસાનની ભરપાઈ કરવાની વાત કરી ત્યારે વણકરે છોકરાને શું સમજાવ્યું? [2]

(૫) ઉપરના ફકરાને યોગ્ય શીર્ષક આપો. આ ગદ્યાંશમાંથી તમે શું શીખ્યા તે લખો. [2]

**Question 4**

Answer the following according to the instructions given :- [8]

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો:-

નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.

(i) 'નાક જવું' રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ પસંદ કરો.

(a) અપમાન કરવું

(b) આબરૂ જવી

(c) લાજ રાખવી

(d) માન આપવું

(ii) 'સાન' શબ્દનો દ્વિઅર્થ શોધો

(a) સાક્ષી , ઝાડ ઉપર પાકેલું ફળ

(b) સરોવર , માળા

(c) સહેલી , છટા

(d) ઈશારો , સમજણ

(iii) 'બાળકથી માંડીને વૃધ્ધ સુધી'– શબ્દસમૂહ માટે એક શબ્દ-

(a) આબાલવૃધ્ધ

(b) વૃધ્ધબાળક

(c) બાળકવૃધ્ધ

(d) બાલવૃધ્ધ

(iv) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દનો વિરોધી શબ્દ શોધો.

રમેશ એક <u>અનાથ</u> બાળક હતો. તેને સોમેશ્વરે દત્તક લીધો અને તે ________ બન્યો.

(a) સુનાથ

(b) પિતા

(c) સનાથ

(d) પુત્ર

(v) નીચે લીટી દોરેલા શબ્દનું જાતિ(લિંગ) બદલતા બનતું વાક્ય શોધો.

ગામમાં <u>સન્યાસી</u> આવ્યો હતો.

(a) ગામમાં સન્યાસીણી આવી હતી.

(b) ગામમાં સન્યાસિની આવી હતી.

(c) ગામમાં સન્યાસિણ આવી હતી.

(d) ગામમાં સન્નારી આવી હતી.

(vi) સાચી જોડણીવાળું વાક્ય શોધી ફરીથી લખો.

(a) મોહન દાંદલિયો છતાં આગ્નાધારક હતો.

(b) મોહન દાધલિયો છતાં આગ્યાધારક હતો.

(c) મોહન ધાંદલિયો છતાં આજ્ઞાધારક હતો.

(d) મોહન ધાંધલિયો છતાં આજ્ઞાધારક હતો.

(vii) નીચેના વાકયનું વર્તમાનકાળ દર્શાવતું વાક્ય શોધો.

મા ધીમેથી બાળકને જગાડતી હતી.

(a) મા ધીમેથી બાળકને જગાડે છે.

(b) મા ધીમેથી બાળકને જગાડતી હશે.

(c) મા ધીમેથી બાળકને જગાડશે.

(d) મા ધીમેથી બાળકને જગાડવાની.

(viii) નીચેના વાકયમાંથી સમૂહવાચક નામનો ગુચ્છો શોધો.

(a) ગોળ, કાફલો, જમાત, જૂથ, સંઘ

(b) જુવાની, શહેર, બાજરી, ઠઠ

(c) મેદની, કાફલો, જૂથ, સંઘ, જમાત

(d) મંડળ, ટુકડી, પ્રેમ, ભલાઈ

## SECTION B (40 Marks)

*Questions from only **two** of the following textbooks are to be answered.*
*Attempt **four** questions from this section.*
*You must answer at least **one** question from each of the **two** books, you have studied.*
*Answer any **two** other questions from the same books that you have chosen.*

### સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)
**SAHITYA GURJARI (POEMS)**

**Question 5**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

પ્રીત પ્રથમ કોણે કરી , નંદકુંવરની સાથ?
મન કહે, 'લોચન! તેં કરી,' લોચન કહે, 'તારે હાથ.'

**'ઝઘડો લોચન મનનો' – દયારામ ભટ્ટ**
**'Jhaghdo Lochan Manno' – Dayaram bhatt**

(૧) કવિનું યુગ લખી કાવ્યનો પ્રકાર લખો? [2]
(૨) કાવ્યમાં લોચન માટે વપરાયેલા બે શબ્દો જણાવો. લોચન-મનનો ઝઘડો શેના વિશે હતો? [2]
(૩) 'પાંગળું' કોણ છે અને તે એવું શા માટે કહે છે? [3]
(૪) બુદ્ધિ લોચન અને મનના ઝઘડાનો ન્યાય કેવી રીતે કરે છે? [3]

**Question 6**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

હેમંતમાં કોમળ સૂર્યતાપ,
વૃક્ષો મહી વાયુ કરે વિલાપ,
ઝરે નિશાએ હિમ ભૂમિ ખોળે,
લીલાં તૃણે ઝાકળબિંદુ ડોલે.

**'છ ઋતુઓ' – ઉમાશંકર જોશી**
**'Chha Rutuo' – Umashankar Joshi**

(૧) કવિની કોઇ પણ બે રચના લખો. તેમને કયા કાવ્યસંગ્રહ માટે કયો પુરસ્કાર મળ્યો છે? [2]
(૨) 'લૂ' અને 'તૃણ' શબ્દનો અર્થ લખો. શિયાળાની પેટા ઋતુ લખો. [2]
(૩) ઋતુઓનો રાજા કઈ ઋતુને કહેવાય છે? તેનું વર્ણન કરો. [3]
(૪) શિશિર ઋતુ દ્વારા કવિ માનવજીવનની ક્ષણભંગુરતાનો સંદેશ કેવી રીતે આપે છે? તે દ્વારા આપણને શું શીખવા મળે છે? સમજાવો. [3]

**Question 7**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

ચોથા પરણામ મારા ભેરુઓને કહેજો રે
જેની સાથે જગમાં ખેલ્યા ખેલજી;
ખાલીમાં રંગ પૂર્યા, જંગમાં સાથ પૂર્યા,
હસાવી ધોવરાવ્યા અમારા મેલજી.

**'પરણામ મારા' – રામનારાયણ પાઠક**
**'Parnam mara' – Ramnarayan Pathak**

(૧) કવિના ઉપનામો અને તે ઉપનામોથી તેઓએ શું રચ્યું છે તે લખો. [2]
(૨) 'સાંઈજી' અને 'અગમનિગમ'નો અર્થ સમજાવો. કવિ ચોથા અને આઠમા પ્રણામ કોને કરે છે? [2]
(૩) કવિ સાતમાં પ્રણામ કોને અને કેમ કરે છે? સમજાવો. [3]
(૪) આપણે પ્રણામ કોને કોને કરવા જોઈએ? પ્રણામ કરવાથી આપણાં જીવનમાં કયા કયા બદલાવ આવે છે? [3]

## સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)
## SAHITYA GURJARI (SHORT STORIES)

**Question 8**

Read the extract given below and answer in Gujarati, the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

આરતી પાસે બધા દીવા કોણ કોના છે, ક્યાં છે એની તથા વિના એકબીજાને શોભાવતા જુદા જુદા વેગે જતા હતા, ત્યારે તેનો એકલો દીવો રણવગડામાં એકલા ખજૂરીના ઝાડ જેવો તણાયે જતો હતો.

**'જમનાનું પૂર' – રામનારાયણ પાઠક**
**'Jamananu pur' – Ramnarayan Pathak**

(૧) લેખકનું યુગ લખી આ વાર્તા કયા વાર્તાસંગ્રહમાંથી લેવામાં આવી છે તે લખો. [2]
(૨) લેખકની વિશેષતા જણાવો. [2]
(૩) સ્ત્રીએ દીવો તરતો મૂકવા કેટલાં પ્રયાસ કર્યા? તે સફળ કેટલામે પ્રયાસે થઈ? કેવી રીતે? [3]
(૪) કાલિન્દીના ધસમસતા પૂર ઉપર તરતા દીવાનું વર્ણન કરો. [3]

**Question 9**

Read the extract given below and answer in Gujarati, the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

" આજ તો ઠીક છે કે એક નાની ચીજ ગઈ, પણ આવી રીતે કાલ સવારે કોઈ મોટી ચીજ પણ ચાલી જાય." વળી કોઈ બીજું બોલ્યું.

**'માજીનો પ્યાલો' – ગુલાબદાસ બ્રોકર**
**'Majino Pyalo' – Gulabdas Brokar**

(૧) લેખકની કોઈ પણ બે રચના લખો. તેમની રચનાની વિશેષતા લખો. [2]
(૨) નોકર પાછો આવશે જ એવું બધાને કયા આધારે લાગ્યું? સમજાવો. [2]
(૩) ચાંદીનો પ્યાલો હંમેશા ક્યાં પડી રહેતો? તે ચોરાયાની ખાતરી ક્યારે થઈ? [3]
(૪) આ પાઠમાં લેખકે ગરીબ અને તવંગર વર્ગનો વિરોધાભાસ કેવી રીતે બતાવ્યો છે? સમજાવો. [3]

**Question 10**

Read the extract given below and answer in Gujarati, the questions that follow:-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

" મારે ભૂરી નથી વેચવી, નથી વેચવી." એમ તો સૂરજડોશી એક મહિનાથી કહેતાં હતાં.

**'અંજળપાણી' – પીતામ્બર પટેલ**
**'Anjalpani' – Pitambar Patel**

(૧) લેખકનું યુગ લખી તેમની વાર્તાઓમાં શેનું નિરુપણ જોવા મળે છે? [2]

(૨) 'અંજળપાણી' શીર્ષકનો અર્થ લખો. "આપણા અંજળપાણી ખૂટ્યા. ન'ક આવો વખત આવે ખરો?" આ વાક્ય કોણ અને કયારે બોલે છે? [2]

(3) સૂરજડોશી ભૂરીને વેચવાનું કેમ નક્કી કરે છે? ભૂરીની બાબતમાં કુટુંબીઓ સૂરજડોશીને શું સમજાવે છે? [3]

(૪) 'અંજળપાણી' વાર્તા દ્વારા મનુષ્ય અને પશુ વચ્ચેનો પ્રેમ વર્ણવો. [3]

## QUESTION PAPER 5

**Prelimnary Examination - I**
**Subject: GUJARATI (Second Language)**

Time : 3 Hours
Std : X M. M : 80

***Answers to this Paper must be written on the paper provided separately.***

*You will **not** to be allowed to write during the first **15** minutes.*

*This time is to be spent in reading the questions paper.*

***The time given at the head of this Paper is the time allowed for writing the answers.***

---

*This paper comprises of **two** Sections: **Section A and Section B.***

*Attempt **all** the questions from **Section A.***

*Attempt **four** questions from **Section B**, answering at least **one** question each from the **two** books you have studied and **any two** other questions from the same books that you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets. [ ].*

---

## Section - A (40 Marks)

*Attempt **all** questions from this Section.*

### Question 1

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics:- [15]

નીચેના વિષયોમાંથી કોઈ પણ **એક** વિષય પર **ગુજરાતીમાં** આશરે **૨૫૦** શબ્દોમાં નિબંધ લખોઃ-

(1) 'શાળાજીવનના એ સોનેરી દિવસોની સ્મૃતિ મારી સાચી સંપત્તિ છે.' – આ વિધાનને અનુરૂપ તમારા વિચારો વ્યક્ત કરો.

(2) 'મોહમયી માયાનગરી મુંબઈ એટલે જ્યાં સપનાં સાકાર થાય તો સાથે ડગલે ને પગલે સમસ્યાનો સામનો પણ કરવો પડે' – મુંબઈ શહેરની આ વિશેષતાઓનું વર્ણન કરો.

---

**This Paper consists of 10 printed pages.**

**Turn over**

(3) 'વ્હાલસોયી અને વાત્સલ્યમૂર્તિ મા એ ઈશ્વરે મનુષ્યને આપેલું શ્રેષ્ઠ વરદાન છે' – સ્પષ્ટ કરો.

(4) ..... અને કઠિયારાની કુહાડીનો સ્પર્શ થતાં વૃક્ષને વાચા ફૂટી ને વૃક્ષ બોલવા લાગ્યું. – આ કલ્પનાને અનુરૂપ તમારા વિચારો વ્યકત કરો.

(5) સાથે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લખોઃ–



**Question 2**

Write a letter in **Gujarati** in approximately **120** words on any **one** of the topics given below :– [7]

નીચેમાંથી કોઈ પણ **એક** વિષય પર આશરે ૧૨૦ શબ્દોમાં **ગુજરાતીમાં** પત્ર લખો :–

(1) તમારી શાળામાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં તમે નાટકમાં ભાગ લીધો હતો. નાટકમાં ભાગ લેવાનો જે આનંદ આવ્યો અને જે શીખવા મળ્યું તેની માહિતી આપતો પત્ર મોટાભાઈને લખો.

(2) રજાઓમાં તમે કોઈ એક પર્વતીય સ્થળની મુલાકાત લીધી હતી. પરંતુ ત્યાં તમને અસ્વચ્છતા તેમ જ વ્યવસ્થાનો અભાવ જોવા મળતાં એ બાબતની ફરિયાદ કરતો પત્ર જંગલખાતાના અધિકારીને લખો.

**Question 3**

Read the passage given below and answer in **Gujarati** the questions that follow, using your own words :-

નીચેનો પરિચ્છેદ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર **ગુજરાતીમાં** તમારા શબ્દોમાં લખો:-

કાશી નગરીમાં એક રાજા રાજ્ય કરતો હતો. એ રાજાનો પુરોહિત ભલો અને ધર્મપરાયણ હતો. એક વાર કાશી નગરીમાં ઝેરી તાવનો ઉપદ્રવ ફેલાઈ ગયો. ઘણા માણસો એનો ભોગ બન્યાં. પુરોહિતનું આખું કુટુંબ એમાં સપડાઈ ગયું પરંતુ એક નાનો દીકરો બચી ગયો. પોતાનો જીવ બચાવવા તે કાશી નગરી છોડીને દૂર ચાલ્યો ગયો. રખડતો રખડતો તે તક્ષશિલા પહોંચ્યો. સાંજ પડવા આવી હતી તેથી તેણે એક ઝાડ નીચે રાતવાસો કર્યો.

વહેલી સવારે તેની આંખ ઊઘડી ગઈ. ત્યાં તેની નજર એક ડોસા ઉપર પડી. ડોસો આંબાના ઝાડ પાસે આવીને ઊભો રહ્યો અને બે હાથ જોડી કોઈ મંત્ર બોલ્યો. આંબા ઉપર નવી કૂંપળો ફૂટવા લાગી, મોર બેઠો, નાની મંજરી દેખાવા લાગી થોડીવારમાં તો એ આંબાની ડાળે ડાળે પાકી કેરીઓ ઝૂલવા માંડી. ડોસાએ પોતાની ઝોળી ધરી અને આંખના પલકારમાં એની ઝોળી કેરીથી ભરાઈ. ડોસો પાછો કોઈ મંત્ર બોલ્યો એટલે આંબાનું ઝાડ પહેલાં હતું તેવું બની ગયું. બ્રાહ્મણકુમાર આ ચમત્કાર જોઈને ખૂબ નવાઈ પામ્યો.

એ બાહ્મણને આ વિદ્યા શીખવાનું મન થયું. તે દોડતો પેલા ડોસા પાસે ગયો અને કહ્યું કે 'હું પરદેશી છું. મારા મા-બાપ મરી ગયાં છે તો મુજ અનાથને તમે આશરો આપો. હું આપનું બધું કામ કરીશ અને આપની સેવા કરીશ.'

પેલા ડોસાએ બ્રાહ્મણનો રૂપાળો ચહેરો જોઈ કહ્યું, 'બેટા, હું તો ચંડાળ જાતિનો છું. તું મારી સાથે રહેશે તો મને સહારો મળશે. પણ તને ચંડાળને ઘેર રહેવાનું ગમશે? ડોસા પાસેથી વિદ્યા શીખવા ઉત્સુક બ્રાહ્મણે ખુશીથી હા પાડી તેથી ડોસો એને પોતાના ઘરે લઈ ગયો. બ્રાહ્મણ ખૂબ ખંતથી સેવા કરવા લાગ્યો. થોડા દિવસોમાં ડોસો બીમાર પડ્યો. એને લાગ્યું કે એના જીવનનો અંત નજીક છે ત્યારે એણે પેલા બ્રાહ્મણને બોલાવીને કહ્યું, 'હું ગરીબ છું. મારી પાસે તને આપવા બીજું કંઈ નથી પરંતુ મને એક વિદ્યા આવડે છે જે હું તને આપવા માગું છું. માત્ર એની શરત બહુ આકરી છે. આ વિદ્યા ધારણ કરનારે હંમેશા સાચું બોલવું પડે. આ વિદ્યા શીખ્યા બાદ જો તું જરા પણ જૂઠું બોલીશ તો આ વિદ્યા ચાલી જશે. માટે તારે સદાય બહુ સાવચેત રહેવું પડશે.'

બ્રાહ્મણકુમારને આંબા પરથી કેરી મેળવવાની વિદ્યાનો મંત્ર આપી ડોસો મૃત્યુ પામ્યો. બ્રાહ્મણ કાશી નગરીમાં આવીને રાજાને મળ્યો. પોતાના પુરોહિતના દીકરાને ભણીગણીને પાછો આવેલો જોઈ રાજા પ્રસન્ન થયો. તેને પોતાના સેવક તરીકે રાખી લીધો. બ્રાહ્મણ ખૂબ

વફાદારી અને ઈમાનદારીથી નોકરી કરતો હતો. તે રાજાનો માનીતો અને વિશ્વાસુ માણસ બની ગયો.

એકવાર રાજા બ્રાહ્મણ સાથે જંગલમાં શિકાર કરવા ગયો. પાછા આવતાં ઘણું મોડું થઈ ગયું. રાજાને ભૂખ-તરસ લાગી હતી તેથી બ્રાહ્મણે પોતાની વિદ્યાનો પરચો બતાવી રાજાને કેરી ખવડાવી. રાજાના આનંદનો પાર ન રહ્યો. તેણે બ્રાહ્મણને પૂછ્યું કે, 'તું આ અદભુત વિદ્યા ક્યાંથી શીખ્યો? આ સવાલ સાંભળીને બ્રાહ્મણ મૂંઝાયો. ચંડાળ પાસેથી આ વિદ્યા શીખ્યો છે એમ કહે તો રાજા એનું અપમાન કરે અથવા ધર્મભ્રષ્ટ ગણીને કાઢી મૂકે તો? બ્રાહ્મણે વિચાર્યું કે એને મંત્ર બરાબર મોઢે થઈ ગયો છે એટલે એ ભૂલી જવાની શક્યતા નથી. તેથી તેણે રાજાને કહ્યું કે 'તેણે એક વૃદ્ધ ગુરુજીની ખૂબ ભક્તિભાવથી સેવા કરી બદલામાં એમણે આ વિદ્યા શીખવી.' બ્રાહ્મણકુમાર આ અસત્ય બોલ્યો એની સાથે પેલો મંત્ર એની યાદશક્તિમાંથી ભૂંસાઈ ગયો.

થોડા દિવસ પછી રાજા બ્રાહ્મણને લઈને જંગલમાં ગયો ત્યારે આંબાનું ઝાડ જોઈ તેને કેરી ખાવાનું મન થયું. રાજાની ઈચ્છા પૂરી કરવા બ્રાહ્મણ આંબા સામે ઊભો રહીને મંત્ર બોલવા ગયો પણ એને એક અક્ષર પણ યાદ આવ્યો નહીં. ઘણી કોશિશ કરવા છતાં તે મંત્ર ન બોલી શક્યો. એવામાં તેને ડોસાના શબ્દો યાદ આવ્યા અને તેને ભાન થયું કે તેણે બહુ મોટી ભૂલ કરી નાખી. અથાગ પરિશ્રમ પછી મેળવેલો મંત્ર એક નાની ગફલતમાં તેણે કાયમ માટે ગુમાવી દીધો. તે રડી પડ્યો. એણે રાજાને સાચી વાત જણાવી તેમની માફી માંગી. રાજાને પણ બહુ દુઃખ થયું. એણે બ્રાહ્મણને કહ્યું, 'મિથ્યા ગૌરવ જાળવવા જૂઠું બોલીને તેં તારા ગુરુનું અપમાન કર્યું છે. જેની પાસે આવી અદભુત વિદ્યા હોય એની વળી જાત જોવાતી હશે? બ્રાહ્મણ હોય કે ચંડાળ, જેની પાસે વિદ્યા હોય તેને જ હું મોટો અને આદરપાત્ર ગણું. બ્રાહ્મણની ઊંચી જાતના ઘંમડમાં તારાથી જે પાપ થઈ ગયું એને માઠું ફળ તારે ભોગવવું જ પડશે.' બ્રાહ્મણકુમારની આંખોમાંની પશ્ચાત્તાપના આંસુઓની ધારા વહેવા લાગી.

**પ્રશ્નો:-**

(1) કયો ચમત્કાર જોઈને બ્રાહ્મણકુમાર નવાઈ પામ્યો. [2]

(2) બ્રાહ્મણને કઈ વિદ્યા, કોણે આપી? શા માટે? તેની શી શરત હતી? [2]

(3) બ્રાહ્મણે કઈ ભૂલ કરી? કઈ રીતે? [2]

(4) રાજાએ બ્રાહ્મણકુમારને શું સમજાવ્યું? [2]

(5) આ ગદ્યખંડમાંથી શું શીખવા મળે છે તે તમારા શબ્દોમાં લખો. [2]

**Question 4**

Answer the following questions according to the instructions given below :- [8]

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો :-

(1) 'શ્રીગણેશ કરવા' રૂઢિપ્રયોગ માટે યોગ્ય વાક્ય પસંદ કરો.

(a) અમારી સોસાયટીમાં દર વર્ષે ધામધૂમથી શ્રીગણેશ કરવામાં આવે છે.

(b) દેવતાઓ વચ્ચે લાગેલી શરત પૂરી કરવા શ્રીગણેશ કર્યા.

(c) ધંધા માટે સસ્તા ભાવની જમીન ખરીદીને પિતાએ શ્રીગણેશ કર્યા.

(d) પર્વતના શિખરે પહોંચીને મેં જોરથી શ્રીગણેશ કર્યા.

(2) 'વાળુ' – માટે દ્વિઅર્થ જણાવો.

(a) બપોરનું ભોજન, માટી

(b) રાતનું ભોજન, રેતી

(c) સવારનો નાસ્તો, રેતી

(d) રાતનું ભોજન, માટી

(3) આવક તથા ખર્ચનો અડસટ્ટો – શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

(a) પ્રેમપત્ર

(b) વસિયત

(c) અંદાજપત્ર

(d) મતપત્ર

(4) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દનો યોગ્ય વિરોધી શબ્દ શોધો.

ગુરુને શરણે જનાર દુર્ગુણ દૂર કરી ________ પ્રાપ્ત કરે છે.

(a) ગુણ

(b) અવગુણ

(c) સગુણ

(d) સદ્ગુણ

(5) લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલતાં બનતું વાક્ય શોધો.

આગઝરતી વાણીમાં ભાષણ કરનાર વિદ્વાન પ્રશંસા પામ્યો.

(a) આગઝરતી વાણીમાં ભાષણ કરનાર વિદ્વાની પ્રશંસા પામી.

(b) આગઝરતી વાણીમાં ભાષણ કરનાર વિધવા પ્રશંસા પામી.

(c) આગઝરતી વાણીમાં ભાષણ કરનાર વિદુષી પ્રશંસા પામી.

(d) આગઝરતી વાણીમાં ભાષણ કરનાર વિધાતા પ્રશંસા પામી.

(6) સાચી જોડણીવાળું વાક્ય શોધી ફરીથી લખો.

(a) બાળપણ એ જિંધગીની ઉત્તમ અવસ્થા છે.

(b) બાળપણ એ જિદધીની ઉત્તમ અવસ્થા છે.

(c) બાળપણ એ જિંદગીની ઉત્તમ અવસ્થા છે.

(d) બાળપણ એ જીંદગીની ઉત્તમ અવસ્થા છે.

(7) નીચેના વાક્યનું ભવિષ્યકાળ દર્શાવતું વાક્ય શોધો.

વિદ્યાર્થીના જીવનઘડતરમાં વાચન ખૂબ મોટો ભાગ ભજવે છે.

(a) વિદ્યાર્થીના જીવનઘડતરમાં વાચન ખૂબ મોટો ભાગ ભજવતો રહેશે.

(b) વિદ્યાર્થીના જીવનઘડતરમાં વાચન ખૂબ મોટો ભાગ ભજવી જશે.

(c) વિદ્યાર્થીના જીવનઘડતરમાં વાચન ખૂબ મોટો ભાગ ભજવશે.

(d) વિદ્યાર્થીના જીવનઘડતરમાં વાચન ખૂબ મોટો ભાગ ભજવવાનો છે.

(8) ભાવવાચક નામનો ગુચ્છ પસંદ કરો.

(a) ગરમી, તરસ, પાણી, કરુણા

(b) ઠંડી, ભૂખ, સરકાર, દયા

(c) ગરમી, ઠંડી, ભૂખ, ફળ

(d) ઠંડી, ગરમી, ભૂખ, તરસ

Pati's ICSE ACADEMY

## Section B (40 Marks)

*Questions from only **two** of the following textbooks are to be answered.*

*Attempt **four** questions from this Section.*

*You must answer at least **one** question from each of the **two** books, you have studied and any **two** other questions from the same books that you have chosen.*

### સાહિત્ય ગુર્જરી (કવિતા)

### SAHITYA GURJARI (POEMS)

**Question 5**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

‘વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.’

**‘વૈષ્ણવજન’ – નરસિંહ મહેતા**

‘Vaishnavjan’ – Narsinh Mehta

(1) નરસિંહ મહેતાને મળેલું બિરુદ અને યુગ કહો. તેમણે કયા પ્રકારના પદોની રચના કરી છે? [2]

(2) પ્રભાતિયાં એટલે શું? નરસિંહ મહેતાએ કયા છંદમાં પ્રભાતિયાં રચ્યાં છે? તેમણે રચેલા પ્રભાતિયાનું ઉદાહરણ આપો. [2]

(3) વૈષ્ણવનો અર્થ જણાવી કવિએ સાચા વૈષ્ણવના વર્ણવેલા લક્ષણોની યાદી બનાવો. [3]

(4) વૈષ્ણવના મનમાં અને તનમાં શેનો વાસ છે? સાચા વૈષ્ણવના દર્શન કરવાથી શું લાભ થાય છે તે તમારા શબ્દોમાં સમજાવો. [3]

**Question 6**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

‘ઝોલાં ખાતી રસદ ફળની લૂમ, લૂ વાય ઊની,
પાણી ડૂકયાં, સજલ સરિતાઓ થઈ વારિસૂની.’

**‘છ ઋતુઓ’ – ઉમાશંકર જોશી**

‘6 Rutuo’ – Umashankar Joshi

(1) ઉમાશંકર જોશીનું ઉપનામ જણાવો. તેમને કયો પ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યો છે? શેના માટે? [2]

(2) વારિસૂની એટલે શું? કોણ વારિસૂની થાય છે? કયા મહિનામાં? કઈ ઋતુમાં? એ સાથે બીજું શું શું થાય છે? [2]

(3) કોણ ધન્ય થાય છે? ક્યારે? કોણ નભની શોભા વધારે છે? કઈ રીતે? આ ઋતુના મહિના અને તેમાં આવતા તહેવારોના નામ લખી તેની શોભા વર્ણવો. [3]

(4) ગુજરાતી કૅલેન્ડર પ્રમાણે વર્ષનો પહેલો અને છેલ્લો ગુજરાતી મહિનો કયો છે? એ બંને મહિનામાં કઈ ઋતુ આવે છે? બંને ઋતુઓની વિશેષતા વર્ણવો. [3]

**Question 7**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

'ખુરશી ખસેડી બેઠા જરા વાર...
સરસ્વતી રહી વહી તેજ ધાર.'

**'એ નિશાળ એ સવાર' – સુંદરજી બેટાઈ**

**'E Nishal E Savaar' – Sunderjee Betaai**

(1) આ કવિતા શેમાંથી લેવામાં આવી છે? કવિના અન્ય બે કાવ્યસંગ્રહના નામ આપો. આ કાવ્યનો પ્રકાર જણાવો. [2]

(2) કવિએ ખીમો અને ભીમો માટે કયા વિશેષણો વાપર્યા છે? ચીનિયો અને મીનિયો સ્વભાવે કેવા છે? [2]

(3) શાળા શરૂ થવાનો ઘંટ વાગ્યો ત્યાંથી વર્ગ પૂરો થવાનો ઘંટ વાગ્યો તેની વચ્ચે વર્ગમાં શું બન્યું? [3]

(4) કોણ અણબોલ રહ્યું? કોણ, શું બોલી ઊઠયું? ક્યારે? તેની શું અસર થઈ? આ કાવ્ય દ્વારા કવિ શું સંદેશ આપવા માંગે છે? [3]

## સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

## SAHITYA GURJARI ( SHORT STORIES)

### Question 8

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

'સર્વ સ્ત્રીઓ દીવાની મમતા મૂકી આખા દ્રશ્યના સૌંદર્યમાં લીન થતી હતી ત્યારે તે એક ખૂણે પોતાના દીવાની પેઠે એકલી ઊભી ઊભી માત્ર પોતાનો જ દીવો જોતી હતી. દીવો દૂર ગયો. દૂર જતો જોવા માટે તે ખૂણા ઉપરના મંદિર પર ચડી. તેથી પણ દૂર ગયો અને તે મંદિરના શિખર પર ચડી. '

'જમનાનું પૂર' – રામનારાયણ પાઠક

'Jamnaanu Pur' – Ramnarayan Pathak

(1) રામનારાયણ પાઠકના ઉપનામ જણાવી, તેઓ કયા યુગના છે તે કહો. [2]

(2) જમના નદીનું બીજું નામ આપો. તેનાં ધમધમતાં પૂર ઉપર તરતા દીવા કોના જેવા દેખાતા હતા? નદીના ઘાટ પર કઈ રીતે ઉતારાવામાં આવતી આરતીનું વર્ણન કરો. [2]

(3) મનોરથ એટલે શું? સ્ત્રીને શો મનોરથ હતો? સ્ત્રીનો મનોરથ કઈ રીતે પૂરો થયો? મનોરથ પૂરો કરવાનું શું પરિણામ આવ્યું? [3]

(4) વાર્તાના અંતે લેખક કયો પ્રશ્ન મૂકે છે? તે દ્વારા લેખક શું કહેવા માંગે છે? [3]

### Question 9

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

''કોપ થયો! મહારાજને માથે આઘેડ અવસ્થાએ વીજળી પડયા જેવું થયું, આપા!''

''વીજળી પડવાની તો શી વાત કરું, બાપુ! શિહોર ને ભાવનગરની શેરીએ-શેરીએ છાતીફાટ વિલાપ થાય છે, વસ્તીનાં ઘરોઘરમાં પચીસ વરસનો જુવાન જોદ્ધો મરી ગયો હોય એવો કકળાટ થાય છે!''

'સાદ વરત્યો' – ઝવેરચંદ મેઘાણી

'Saad Vartyo' – Zaverchand Meghani

Pati's ICSE ACADEMY

(1) આ લેખકે ગુજરાતી સાહિત્યને કઈ રીતે સમૃદ્ધ કર્યું છે? કયા ક્ષેત્રમાં તેમણે સંશોધક અને સંપાદક તરીકેની ઓળખ ઊભી કરી છે? આ વાર્તા શેમાંથી લેવામાં આવી છે? [2]

(2) કોણ, કોને, ક્યાં અને કયા શોકના સમાચાર સંભળાવ્યા? [2]

(3) કોણે, કોનો, ક્યાં અને કઈ રીતે સાદ વરત્યો? તમારા શબ્દોમાં પ્રસંગ વર્ણવો. [3]

(4) મહારાજા અને બહારવટિયો – કથાના આ બંને પાત્રોમાંથી તમને કયું પાત્ર વિશેષ આકર્ષે છે? તમારો જવાબ કારણો આપીને સ્પષ્ટ કરો. [3]

**Question 10**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :-

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો :-

'કિશોરીલાલના દિલમાં આ શબ્દોએ જાણે એની માની નવી જ મૂર્તિ ઊભી કરી હોય તેમ તે ધીમેથી બોલ્યો આપણે આજે જ જઈએ!'

**'પરિવર્તન' – ગૌરીશંકર જોશી**

'Parivartan' – Gaurishankar Joshi

(1) ઘર છોડીને ભાગી ગયેલો કિશોરીલાલ ક્યાં આવ્યો? ત્યાં તે કઈ રીતે સ્થિર થયો? [2]

(2) ઘર છોડ્યાના કેટલા દિવસ પછી કિશોરીલાલ પહેલીવાર ચા બનાવવા બેઠો? તેની આંખમાંથી શા માટે આંસુ નીકળી પડ્યાં? [2]

(3) કઈ ઘટનાને લીધે કિશોરીલાલે ઘર છોડ્યું? તેણે કયો સંકલ્પ લીધો? તેને પાછો બોલાવવા તેના મા-બાપે શું કર્યું? કિશોરીલાલનો સ્વભાવ કેવો હતો? તેના ઘરનું વાતાવરણ કેવું હતું? [3]

(4) કઈ ઘટનાને લીધે કિશોરીલાલ પોતાના ઘરે પાછો જવા તૈયાર થયો? ઘટના વર્ણવો. [3]

Pati's
ICSE ACADEMY

# QUESTION PAPER 6

**Marks: 100** **Time: 2.5 Hrs.** **Subject: GUJARATI**

## Section - A

**Q – 1. નીચેના કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** **( 18 )**

1. ઉભરાતી વસ્તી, વધતી ગરીબી
2. આજના માનવીની ઈશ્વર પરની શ્રધ્ધા ધીરે ધીરે વધી રહી છે કે ઘટી રહી છે ? તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.
3. જીવો અને જીવવા દો
4. "પ્રદૂષણ અટકાવવાના ભાગરૂપે પ્લાસ્ટિકના વિવિધ ઉત્પાદનો પર પ્રતિબંધ લાદવો જરૂરી છે" આ વિધાનની તરફેણમાં કે વિરુદ્ધમાં તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.
5. સાથે આપેલું ચિત્ર જોઇ તમારા મનમાં ઉઠતા ભાવોને વાચા આપતો નિબંધ લેખ કે વાર્તા લખો.



**Q – 2. નીચેના કોઈપણ એક વિષય પર પત્ર લખો.** **( 10 )**

1. તમારો નાનોભાઇ મોબાઇલમાં પોતાનો સમય વેડફે છે 'સમય એ જ સોનું' સમયનું મહત્વ સમજાવતો પત્ર લખો.
2. મહાનગરના કોઇ એક રેલવે સ્ટેશનની ગંદકી વિશે ફરિયાદ કરતો અને સ્વચ્છતા જાળવવા સૂચનો કરતો પત્ર તે રેલવે સ્ટેશનના અધિકારીને લખો.

**Q – 3. નીચેનાં ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ તમારા શબ્દોમાં લખો.**

એક લુહાર હતો. તે ખૂબ મહેનત કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. તે ખૂબ પરિશ્રમી અને પ્રામાણિક હતો.

તેને એક પુત્ર હતો. એ પુત્ર ઉડાઉ અને આળસુ હતો. પુત્રનાં સ્વભાવને કારણે તેના પિતા ખૂબ દુઃખી હતાં. એક દિવસ પિતાએ પુત્રને કડક ભાષામાં હુકમ કર્યો કે જો તો એકાદ રૂપિયો કમાઇને નહીં લાવે તો તને ખાવાનું નહીં મળે.

છોકરાએ કમાવવા પ્રયત્ન કર્યો. પણ નિષ્ફળતા મળી. તેથી તેણે તેની પાસે બચાવેલ રૂપિયો પિતાને આપ્યો.

પિતાએ એનો રૂપિયો લઇ ભઠ્ઠીમાં ફેંકી દીધો. બીજે દિવસે છોકરાંએ મા પાસેથી રૂપિયો લઈ પિતાને આપ્યો. પિતાએ તેને પણ ભઠ્ઠીમાં ફેંકી દીધો. છેવટે પુત્રએ પોતે કમાવાનો નિશ્ચય કર્યો.

સખત પરિશ્રમ કરી એક દિવસ તે રૂપિયો કમાયો. તેણે તે રૂપિયો પિતાને આપ્યો. તેના પિતાએ તે રૂપિયો ભઠ્ઠીમાં નાખવા ગયા. ત્યાં જ પુત્ર ગુસ્સાથી બરાડી ઉઠ્યો, 'ના પિતાજી, ના નાખશો, સખત મહેનત પરિશ્રમ કરીને એ રૂપિયો હું કમાઇને લાવ્યો છું.'

પિતા ખૂબ રાજી થઇ ગયા, તે હસ્યાં અને કહ્યું, "બસ બેટા, હવે તને સમજણ પડીને કે પૈસા કમાવવા સરળ નથી. પૈસાનું મૂલ્ય સમજવું જોઇએ. મહેનતથી કમાઇને ખોટી રીતે વેડફી દેવાય નહીં." 'પરિશ્રમની કમાણી જ સાચી કમાણી છે'.

**પ્રશ્નો :-**

1. લુહાર અને એનો દીકરો સ્વભાવે કેવા હતા ? ( 2 )
2. લુહારે પોતાના પુત્રને કડક ભાષામાં શું કહ્યું ? ( 2 )
3. પહેલા અને બીજા દિવસે પુત્રએ પિતાને રૂપિયા કેવી રીતે લાવી આપ્યા ? ( 2 )
4. ત્રીજે દિવસે રૂપિયો ભઠ્ઠીમાં નાખવા જતાં પિતાને પુત્રએ શું કહ્યું ? ( 2 )
5. પુત્રની કમાણીની વાત સાંભળી, ખુશ થઇને, પિતાએ પુત્રને શું કહ્યું ? ( 2 )

Pati's
ICSE ACADEMY

**Q – 4. નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.** (3)

1. **નીચેના રૂઢિપ્રયોગોના યોગ્ય વાક્ય પસંદ કરો**
   1. કાકલૂદી કરવી
      a. કાકલૂદી ભરી આંખે જોઇ રહી.
      b. કાકલૂદીથી આગળ વધી.
      c. દીકરીને સારી રીતે સંભાળવા મા કાકલૂદી કરવા લાગી.
   2. હાથ આપવો
      a. રતન ટાટા ગરીબોને હાથ આપતા હતા.
      b. હાથમાં લઇને બેસી રહેવું સારી બાબત નથી.
      c. હાથમાંથી જતું રહેવું.
   3. જીવ કપાઇ જવો
      a. જીવ કપાઇ જતા ખૂબ નુકસાન થયું.
      b. જીવમાં જીવ આવ્યો.
      c. ભૂરીને અળગી કરતા સૂરજ ડોશીનો જીવ કપાઇ જતો હતો.

2. 'આરો' માટે દ્વિ-અર્થ જણાવો. (1)
   a. ઓવારો, સીમાડો  b. કાંઠો, પૈંડાનો ભાગ  c. કિનારો, નગર

4. નીચેના શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો (3)
   1. શંકર ભગવાનનું નિવાસ્થાન
      a. હિમાલય  b. માન સરોવર  c. કૈલાસ
   2. બધા રાજાઓ ઉપર પોતાની સત્તા સ્થાપનારું
      a. મહારાજા  b. ચક્રવર્તી  c. મહાવીર
   3. તાંબા પિત્તળની ગાગર ઉપર હાથ ઠોકી કથા કરનાર
      a. માણ ભટ  b. સંત  c. સ્વામી

5. નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દનો વિરોધી શબ્દ લખો (2)
   1. જે ધર્મમાં માને તે આસ્તિક ન માને તે ____________.
      a. આધ્યાત્મિક  b. ધાર્મિક  c. નાસ્તિક
   2. ભારત સરકાર દર વર્ષે બીજા દેશોથી આયાત કરે છે તો દેશમાંથી ________ પણ કરે છે.
      a. વ્યાપાર  b. નિકાસ  c. આવક

6. લીટી દોરેલા શબ્દનું જાતિ (લિંગ) બદલતા બનતું વાક્ય લખો. (2)
   1. ગામના છેવાડે એક વિધુરનું ઘર હતું.
      a. ગામના છેવાડે એક વિધવાનું ઘર હતું.
      b. ગામના છેવાડે એક વિધિનું ઘર હતું
      c. ગામના છેવાડે એક વિધાતાનું ઘર હતું.
   2. દરરોજ સાંજે કાછી શાકભાજી વેચવા બેસે છે.
      a. દરરોજ સાંજે કાછણ શાકભાજી વેચવા બેસે છે.
      b. દરરોજ સાંજે કાછીયો શાકભાજી વેચવા બેસે છે.
      c. દરરોજ સાંજે કાછીયણ શાકભાજી વેચવા બેસે છે.

7. સાચી જોડણીવાળું વાક્ય શોધી ફરીથી લખો. (1)
   a. પાઠને આપેલું શીર્ષક યોગ્ય છે.
   b. પાઠને આપેલું શિર્ષક યોગ્ય છે.
   c. પાઠને આપેલું શીર્ઁક યોગ્ય છે.

8. નીચેના વાક્યનું ભવિષ્યકાળ દર્શાવતું વાક્ય લખો. (1)
   a. સુમોહને પ્રીતિને ભણવા માટે અમેરિકા મૂકી.
   b. સુમોહન પ્રીતિને ભણવા માટે અમેરિકા મૂકે છે.
   c.સુમોહન પ્રીતિને ભણવા માટે અમેરિકા મોકલશે.

9. 'જાતિવાચક' નામનો ગુચ્છ પસંદ કરો. (1)
   a. જાપાન, પાણી, ગાય, નદી  b. રમેશ, મીઠાઇ, દૂધ, છોકરો  c. ટેબલ, પંખો, ઘોડો, ખુરશી

## Section - B

**Q – 5. નીચેની કોઇપણ ત્રણ વાર્તામાંથી બે વાર્તાના પ્રશ્નોના જવાબ લખો.** (24)

" તે સમયે આરતી થતી હતી. કાલિન્દીના ધસમસતા પૂર ઉપર તરતાં દીવા મેઘલી રાતમાં આગિયા જેવા દેખાતા હતા."

1. લેખક રામનારાયણ પાઠકનો પરિચય આપી, તેમના ઉપનામો જણાવો.
2. સ્ત્રીએ માછીડાને શું કહ્યું ? આધેડ વયના માછીમારે તેનો શો જવાબ આપ્યો ?

Pati's
ICSE ACADEMY

3. કાલિન્દીના ધસમસતાં પૂર ઉપર તરતાં દીવાઓના સૌંદર્યનું વર્ણન કરો.
4. સ્ત્રીની શી ઇચ્છા હતી ? તેનું મૃત્યુ કઇ રીતે થયું ?

**Q – 6. નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

" બીતો હોત તો આવત શા માટે રાજ ? સૌ ડાયરાને સાથે ખાઇ પી મહારાજને રામ રામ કરી પાછા જોગીદાસ ઘોડે ચડી નીકળ્યા"

1. ગાંધીજીએ લેખકને કયું બિરુદ આપ્યું છે ? આ વાર્તા કયા વાર્તા સંગ્રહમાંથી લેવામાં આવી છે ?
2. ખુમાણને દુશ્મની કયા કારણોસર હતી ? વાર્તાના રાજા, રાણી અને કુંવર ના નામ જણાવો.
3. ખાનદાન જોગીદાસ ખુમાણની દુ:ખમાં ભાગ પડાવવાની રીત અનેરી હતી તેવું આપણે કઇ રીતે કહી શકીએ?
4. બહારવટિયા અને મહારાજ બંનેમાં ખાનદાની હતી એમ કઇ રીતે કહી શકાય ? આ બંનેના જીવનમાંથી આપણને શું શીખ મળે છે ?

**Q – 7. નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

" હું એકલી રહી ગઇ. મને થયું કપડાં સીવતાં શીખું, તો સંચો ઘેર વસાવી શકાય. પણ ડોકટરે કહ્યું હતું : આંખે ઝાંખપ આવે છે એટલે આંખનું કોઇ કામ હમણાં કરજો મા દવા થઇ જાય પછી ચશ્મા લેવા પડશે. ખરે ટાંકણે વિઘ્ન ઊભું થયું ને ?"

1. જગમોહનદાસ ખરા અર્થમાં શ્રીમંત હતા એનું શાપર થી કહી શકાય ?
2. 'ખરા ટાંકણે વિઘ્ન આવવું' એટલે શું? આ વાક્ય કોણ બોલે છે ? શા માટે?
3. સુમોહન અને ઉત્પલા પોતાનું કર્તવ્ય પ્રેમથી નિભાવી રહ્યા હતા એવું શા પરથી કહી શકાય ?
4. 'સંસ્કારની શ્રીમંતાઇ' શીર્ષક સ્પષ્ટ કરો.

**( કવિતા વિભાગ )**

**Q – 8. નીચેની કોઇપણ ત્રણ કવિતા માંથી બે કવિતાના પ્રશ્નોના જવાબ લખો.** **( 24 )**

" એવું યુવાન સુણતાં ચમકી ગયો ને
માતા તણે પગે પડી ઊઠીને કહે છે:
એ હું જ છું નૃપ મને કર માફ બાઇ
એ હું જ છું નૃપ, મને કર માફ, ઇશ !"

1. કાવ્યના કવિનું મૂળ નામ જણાવી, કાવ્યનો પ્રકાર અને આ કાવ્ય કયા કાવ્ય સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે તે લખો.
2. કાવ્યમાં કવિએ કરેલી શિયાળાની સવારનું વર્ણન કરો.
3. કાવ્યમાં ખેડૂત માટે વપરાયેલ શબ્દ જણાવી, ઘોડે સવારે ખેડૂત પાસેથી શું માગ્યું? ખેડૂતે મહેમાનગતિ કઇ રીતે નિભાવી ?
4. રાજાએ વૃદ્ધાની અને ઇશની માફી શા માટે માંગી યુવાનને રસ પીતા વખતે કયો વિચાર આવ્યો હતો ?

**Q – 9. નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

" આપણી વ્યથા

અવર ને મન રસની કથા ઇતરના કંઇ તથા,

જીરવી એને જાણીએ વીરા !

પ્રાણમાં જલન હોય ને તો યે ધારીએ શીતલ રૂપ"

1. ઉપરોક્ત કાવ્યપંક્તિ સમજાવો.
2. કવિના કોઇપણ બે જાણીતા કાવ્ય સંગ્રહના નામ આપી, તેમને કયો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો ? તે જણાવો.
3. કવિ પોતાના હૃદયની વ્યથા ક્યાં કરવાની અને ક્યાં નહીં કરવાની સલાહ આપે છે ? કારણો આપી સમજાવો.
4. જીરવવું એટલે શું ? કાવ્યમાંથી મળતો બોધ તમારા શબ્દોમાં લખો.

**Q – 10. નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

" મોહ-માયા વ્યાપે નહીં જેને,
દ્રઢવૈરાગ્ય જેના મનમાં રે;,
રામ નામ શું તાળી રે લાગી
સકળ તીરથ તેના મનમાં રે !"

1. વૈષ્ણવજનના લક્ષણ જણાવો.
2. કવિ વૈષ્ણવજનને સફળ તીર્થ સ્વરૂપ શા માટે કહે છે ?
3. વૈષ્ણવજનની પવિત્રતા શેમાં છે ?
4. વૈષ્ણવજન મોહ માયા માં શા માટે ફસાતો નથી ?

**Scan QR code** for Free Access to
500+ Prelim Papers across 20 subjects

